
૧

# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૪ * અંક-૯ *
મે, જૂન, જુલાઈ, ૨૦૨૦ (સંયુક્ત અંક)



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જો મૂર્ખ મનુષ્ય ઔષધિકે લિયે ભી મધુકો ખાતા હૈ વહ ભી જબ દુર્ગતિકો પ્રાપ્ત હોતા હૈ તબ ભલા ઉસમેં આસક્તિ રખનેવાલે મનુષ્યકે વિષયમેં ક્યા કહા જાય ? અર્થાત્ ઉસે તો દુર્ગતિકા મહાન દુઃખ સહના હી પડેગા. પ્રમાદસે ભી પીયા ગયા જો મધુ સંસાર પરિભ્રમણકા કારણ હોતા હૈ ઉસકો સંસારસે ભયભીત વિદ્વાન મનુષ્ય કૈસે ખાતા હૈ ? અર્થાત્ નહીં આતા હૈ ૧૮૦૩.(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક ૫૫૭-૫૫૮)

● નિશ્ચયથી પર પદાર્થોમાં આત્મિયબુદ્ધિ (-સ્વબુદ્ધિ) વિના ભય કેવી રીતે થઈ શકે ? તેથી પર્યાયમૂઢોને (-મિથ્યાદ્રષ્ટિઓને) જ ભય થાય છે પણ પોતાના શુદ્ધાત્મા સાથે એકતાનો અનુભવ કરવાવાળા સમ્યગ્દ્રષ્ટિઓને ભય થતો નથી. ૧૮૦૪.

(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા ૪૯૫)

● મારા વડે જે રૂપ-શરીરાદિરૂપી પદાર્થ દેખાય છે તે—અચેતનપદાર્થ સર્વથા કોઈને જાણતો નથી અને જે જાણવાવાળો ચૈતન્યરૂપ—આત્મા છે તે દેખાતો નથી. તો હું કોની સાથે બોલું—વાતચીત કરું ? ૧૮૦૬. (શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા-૧૮)

● સુખ પાનેકે ભાવસે પ્રેરિત હોકર મૂર્ખ મનુષ્ય ક્યા ક્યા પાપ નહિ કર ડાલતે હૈં ? જિસ પાપસે કરોડોં જન્મોંમેં ભી દુઃખોંકો પાતે હૈં. ૧૮૦૭.

(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૧૭૯)

● કષાયરૂપ વેરી નિર્વાણમાં જેટલું વિઘ્ન કરે છે તેટલું વિઘ્ન કોઈ દુશ્મન કરતું નથી, અગ્નિ કરતી નથી, વાઘ કરતો નથી, કાળો સર્પ કરતો નથી, વેરી તો એક જન્મ દુઃખ આપે છે, અગ્નિ એકવાર બાળે છે, વાઘ એકવાર ભક્ષણ કરે છે, કાળો સર્પ એકવાર ડસે છે, પણ કષાયભાવ અનંતજન્મમાં દુઃખ આપે છે. ૧૮૦૮.

(શ્રી શિવકોટી આચાર્ય, શ્રી ભગવતી આરાધના, ગાથા-૧૩૯૬)

● સમ્યગ્દ્રષ્ટિ પોતાનામાં ઉપયુક્ત (-જોડાયેલો) હોવા છતાં પણ વાસ્તવમાં કોઈ પ્રકારના ઉત્કર્ષને (-ઉન્નતિને) માટે સમર્થ થતો નથી અર્થાત્ તેનો કાંઈ સંવર વા નિર્જરામાં કોઈ પ્રકારનો ઉત્કર્ષ થઈ જતો નથી. તથા જો તે પરપદાર્થમાં ઉપયુક્ત થઈ ગયો હોય તોપણ તેને વાસ્તવમાં કોઈ પ્રકારનો અપકર્ષ (-હાનિ) થઈ જાય છે એવું પણ નથી. એટલા માટે પોતાનામાં પોતાની સ્થિતિ માટે પરવસ્તુથી હઠીને એકાકાર (-આત્માકાર) કરવાની ઈચ્છાથી તમે દુઃખી ન થાઓ. પરંતુ હે મહાપ્રાજ્ઞ ! પ્રયોજનભૂત અર્થને સમજો. ૧૮૦૯. (શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા ૮૬૧-૮૬૨)

વર્ષ–૧૪
અંક–૯




વિ. સંવત
૨૦૭૫

May, June, July
A.D. 2020
(સંયુક્ત અંક)



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




**(સમયસાર ગાથા ૭૬ ઉપર પ્રવચન)**

## પુદ્‌ગલ પરિણામને જાણતો હોવા છતાં જ્ઞાની તેનો કર્તા નથી.

ભગવાનની ભક્તિ, સ્તુતિ, વંદના કે દયા-દાન-વ્રત-તપરૂપ રાગપરિણતિની આદિમાં, મધ્યમાં ને અંતમાં પુદ્‌ગલદ્રવ્ય પોતે વ્યાપતું થકું તે તે પ્રકારના-વિધવિધ પ્રકારના પુદ્‌ગલપરિણામને પુદ્‌ગલદ્રવ્ય ગ્રહે છે, તે-રૂપ પરિણમે છે તે-રૂપ ઊપજે છે– એમ જ્ઞાની જાણતો હોવા છતાં પુદ્‌ગલપરિણામને જ્ઞાની ગ્રહતો નથી, તે-રૂપ પરિણમતો નથી ને તે-રૂપ ઊપજતો નથી. તેથી પુદ્‌ગલપરિણામને જાણવા છતાં જ્ઞાનીને પુદ્‌ગલ સાથે કર્તાકર્મપણું નથી.

દયા-દાન આદિના પરિણામ એ પુદ્‌ગલના કાર્ય છે, જીવના નહીં. ભગવાનની ભક્તિ આદિ ભાવ એ રાગ છે ને રાગ છે તે કર્મનું કાર્ય છે, પુદ્‌ગલનું કાર્ય છે, કેમકે જ્ઞાયક આત્માને વિકારી પરિણામનું કાર્ય કેમ હોય? ત્યારે શિષ્ય પૂછે છે કે દયા-દાન-વ્રત આદિના પરિણામ થાય છે એ પુદ્‌ગલનું કાર્ય છે એમ જ્ઞાની જાણે છે તો તેને પુદ્‌ગલ સાથે કર્તાકર્મપણું છે કે નહીં? દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ-વિનય આદિનો ભાવ પુદ્‌ગલના પરિણામ છે એમ જ્ઞાની જાણે છે, જાણતો હોવાથી પુદ્‌ગલ સાથે જીવને કર્તા-કર્મપણું છે કે નહીં એમ જિજ્ઞાસાથી શિષ્ય પૂછે છે. તેને અહીં ઉત્તરરૂપે ગાથા કહે છે.

**જહઁ ધ્યાન-ધ્યાતા-ધ્યેયકૌ ન વિકલ્પ, વચ-ભેદ ન જહાઁ,**
**ચિદ્‌ભાવ કર્મ, ચિદેશ કરતા, ચેતના કિરિયા તહાઁ;** –શ્રી છઢાળા

વિધવિધ પુદ્‌ગલકર્મને જ્ઞાની જાણે ભલે,
પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૬.

કર્મ ને નોકર્મરૂપ પુદ્‌ગલના જે પરિણામ જે સમયે થવાના તે તે તેનું પ્રાપ્ય છે એટલે કે એ પરિણામને પુદ્‌ગલ ગ્રહે છે. તે સમયે પુદ્‌ગલનું કર્મપણે થવું તે ધ્રુવ છે એટલે કે નિશ્ચિત છે એટલે કે તે પ્રાપ્ય છે એટલે કે તે સમયે પુદ્‌ગલ તેને ગ્રહે છે. રાગની પૂર્વની પર્યાયનો વ્યય થવો એ પુદ્‌ગલને લઈને છે તેથી તે પુદ્‌ગલનું વિકાર્ય છે. ભક્તિ આદિનો ભાવ એ પુદ્‌ગલથી ઊપજ્યો છે તેથી તે પુદ્‌ગલનું નિર્વર્ત્ય છે. જે સમયે જે રાગ થવાનો હતો તે થયો તે ધ્રુવ—તે પ્રાપ્ય, જે ફેરફાર થયો એટલે કે પૂર્વની પર્યાયનો વ્યય થયો તે વિકાર્ય ને જે રાગના પરિણામ ઉત્પન્ન થયા તે નિર્વર્ત્ય કોના ?—કે પુદ્‌ગલના.

પૂજા-ભક્તિ-વંદન આદિ જે પરિણામ છે તે પુદ્‌ગલનું વ્યાપ્ય છે. પુદ્‌ગલ તેનો કર્તા ને પુદ્‌ગલનું તે કાર્ય છે. ભગવાન આત્મા જ્ઞાયકભાવથી ભરેલો જ્ઞાયકસ્વભાવ છે, તેના પરિણામ તો દયા-દાન આદિના ભાવને જાણે એટલે જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે. જે કોઈ દયા-દાન-ભક્તિ-વ્રત-નિયમ આદિ રાગના પરિણામ થાય તેમાં પુદ્‌ગલદ્રવ્ય પ્રસરે છે. પુદ્‌ગલદ્રવ્ય પોતે જ દયા-દાન આદિ પુદ્‌ગલ પરિણામમાં અંતર્વ્યાપક થઈને પ્રસરે છે.

ભગવાનની સ્તુતિ ને ભક્તિના ભાવની આદિમાં પુદ્‌ગલકર્મ છે, મધ્યમાં પુદ્‌ગલ કર્મ છે ને અંતમાં પુદ્‌ગલકર્મ વ્યાપે છે. તેમાં ક્યાંય ભગવાન આત્મા વ્યાપતો નથી. દયા-દાન આદિનો ભાવ એ પરદ્રવ્યના પરિણામ છે, એ પરદ્રવ્યપરિણામમાં આત્મા વ્યાપતો નથી. અરે ! ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ ઊઠે એ પરદ્રવ્યના પરિણામ છે, ભગવાન આત્માના એ પરિણામ નથી. ભગવાન ! તારી પર્યાયમાં જે રાગાદિ થાય એ તારી પર્યાય નહીં. પ્રભુ ! તું તો જ્ઞાયક છો ને ! તારા પરિણામ તો જાણવાના પરિણામ છે. રાગના પરિણામની આદિ-મધ્ય-અંતમાં ક્યાંય તું નથી, પુદ્‌ગલદ્રવ્ય તેના આદિ-મધ્ય-અંતમાં વ્યાપે છે. પ્રભુ ! તું તો જ્ઞાયકસ્વરૂપ છો. જ્ઞાયકના પરિણામ જાણવારૂપ હોય કે રાગાદિરૂપ હોય ?

ભગવાનની સ્તુતિ આદિ રાગપરિણતિની આદિમાં કર્મ છે, મધ્યમાં પણ કર્મ છે ને અંતમાં પણ કર્મ છે. જેની આદિ-મધ્ય-અંતમાં કર્મ છે એવા રાગાદિ તારું કાર્ય કેમ

**તીનોં અભિન્ન અખિન્ન શુધ ઉપયોગકી નિશ્ચલ દશા,**
**પ્રગટી જહાઁ દગ-જ્ઞાન-વ્રત યે, તીનધા એકૈ લસા. ૯. –શ્રી છઢાળા**

હોય ? ભગવાન એમ કહે છે કે અમારી ભક્તિ-સ્તુતિના જે ભાવ તને થાય તેની આદિ-મધ્ય-અંતમાં તું નથી હો ! એની શરૂઆતમાં, મધ્યમાં ને અંતમાં તો કર્મ છે. ભગવાન ! તું તો ભગવાન છો ને ! તારા પરિણામ તો તું પર્યાયમાં ભગવાન થા એવા જ હોય. ભગવાન આત્મા જ્ઞાયકસ્વભાવી છે તેથી તેના પરિણામ તો પર્યાયમાં ભગવાન થાય એવા જ હોય. ભગવાનના પરિણામ રાગાદિરૂપ પામરતાના ન હોય.

પુદ્‌ગલપરિણામસ્વરૂપ રાગાદિના આદિ-મધ્ય-અંતમાં પુદ્‌ગલ વ્યાપીને તેને ગ્રહતું, તે-રૂપે પરિણમતું ને તે-રૂપે ઊપજતં થકું તેને કરે છે. આમ પુદ્‌ગલદ્રવ્ય વડે કરવામાં આવતાં પુદ્‌ગલપરિણામને એટલે કે રાગાદિને જ્ઞાની જાણે છે ને તે જણાય છે એવો સંબંધ છે. ભગવાનની ભક્તિ-વંદન આદિ પુદ્‌ગલપરિણામને જ્ઞાની જાણે છે. રાગના પરિણામ તે જ્ઞેય છે ને જ્ઞાની જ્ઞાતા છે. તોપણ જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપીને—પ્રસરીને ઘડાની પર્યાયને કરે છે, ઘડાની આદિ-મધ્ય-અંતમાં માટી પોતે જ વ્યાપીને ઘડાને કરે છે, કુંભાર ઘડાને કરતો જ નથી. ઘડાની આદિમાં એટલે કે શરૂઆતમાં કુંભાર હતો માટે ઘડો થયો છે તેમ નથી. માટી પોતે જ ઘડાની આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને ઘડાને ગ્રહે છે, તે માટીનું પ્રાપ્ય છે, ઘડારૂપે પરિણમે છે તે માટીનું વિકાર્ય છે ને ઘડારૂપે ઊપજે છે તે માટીનું નિર્વર્ત્ય છે.

તેમ જ્ઞાની પોતે એટલે કે જેને જ્ઞાયકની દૃષ્ટિ થઈ છે ને પર્યાયની દૃષ્ટિ છૂટી ગઈ છે એવો જ્ઞાની પોતે બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં એટલે કે ત્રણલોકના પરિણામ નાથ સાક્ષાત્ બિરાજતા હોય ને તેની સ્તુતિ કરતા હોય એ સ્તુતિના પરિણામ પરદ્રવ્યના પરિણામ છે. તેમાં, જ્ઞાની અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને તેને ગ્રહતો નથી, તે-રૂપે પરિણમતો નથી ને તે-રૂપે ઊપજતો નથી. રાગાદિ પરિણામ તો પુદ્‌ગલનું પ્રાપ્ય છે, જ્ઞાનીનું તે પ્રાપ્ય નથી તેથી જ્ઞાની તેને ગ્રહતો નથી. તે સમયે ઉત્પન્ન થતો રાગ તે તેના જન્મક્ષણે ઉત્પન્ન થયો છે તેને જ્ઞાની ગ્રહતો નથી, કેમકે એ તો પુદ્‌ગલનું પ્રાપ્ય છે. જોકે પંચમહાવ્રત આદિનો રાગ થાય તેને જ્ઞાની જાણે છે તોપણ પરદ્રવ્યસ્વરૂપ એ કાર્યને નહીં કરતા એવા જ્ઞાનીને પુદ્‌ગલ સાથે કર્તાકર્મ ભાવ નથી. એ રીતે જીવ પુદ્‌ગલકર્મને જાણે છે તોપણ તેને પુદ્‌ગલ સાથે કર્તાકર્મપણું નથી.

(ક્રમશઃ)

પરમાણ-નય-નિક્ષેપકૌ, ન ઉદ્યોત અનુભવમેં દિખૈ,
દગ-જ્ઞાન-સુખ-બલમય સદા, નહિં આન ભાવ જુ મો વિખૈ;　　–શ્રી છઢાળા




# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન

(તા. ૧૩-૫-૪૪, રવિવાર) વ્યાખ્યાન નં. ૨૪
(ગાથા ૩૮)



અહો, પોતાના પર્યાય જેટલું પોતાનું સ્વરૂપ માનવું તે પણ મિથ્યાત્વ છે, તો પછી હું પુણ્ય-પાપનો કર્તા, હું જડ શરીરની ક્રિયાનો કર્તા અને હું ઘર વગેરેનો કર્તા—એમ માનવું તે તો મહા જૂઠી બુદ્ધિ છે. આત્મા પરનું કરી શકે નહિ. કડિયાએ મકાન કર્યું એમ માનવું તે મહા મિથ્યાત્વ છે.

પ્રશ્ન :—જો કડિયાએ મકાન નથી કર્યું તો શું મકાન એની મેળે થયું?

ઉત્તર :—હા ભાઈ, સત્યસ્વરૂપ એમ જ છે. મકાનના દરેક પથરા એની પોતાની લાયકાત મુજબ જ ગોઠવાયા છે. જડ વસ્તુમાંય તેની હાલત થવાની લાયકાત છે. જડની ક્રમસર અવસ્થા એના પોતાના કારણે થાય છે. તેમાં બીજો જીવ એમ માને કે મેં આ કર્યું—તો તે જીવ મિથ્યાબુદ્ધિવાળો છે. આ વાત લોકોને વિચિત્ર લાગે, પણ આ જ યથાર્થ સિદ્ધાંત છે. આ કાંઈ ગાંડપણે નથી કહેવાતું પણ વીતરાગદેવનો અપૂર્વ ધર્મ કહેવાય છે. વિશ્વના પદાર્થમાત્રનું પરિણમન સ્વતંત્ર છે. આ સમજ્યા વગર ધર્મ થાય નહિ.

જીવ અનંતકાળથી ધર્મનું સ્વરૂપ જ સમજ્યો નથી, તો ધર્મનું આચરણ તો ક્યાંથી કરે? પૂર્વે અનંતકાળમાં જે કર્યું તે માત્ર પરનું અભિમાન કર્યું છે. 'મેં જિનમંદિર કરાવ્યું, મેં પુસ્તક બનાવ્યું અને મેં ભક્તિ-પૂજા વગેરેના જે ભાવ કર્યા તે ધર્મનાં આચરણ છે' આમ અજ્ઞાની માને છે. પણ એ તો બધાય મિથ્યાત્વના અને રાગના આચરણ છે, તેમાં ધર્મ નથી.

જીવ જે કાંઈ ક્રિયા કરે તે માત્ર પોતાના આત્મક્ષેત્રમાં કરી શકે, પોતાથી બહારમાં જીવ શું કરી શકે? બહારની જે ક્રિયા થાય તેને આત્મા માત્ર જાણે, પણ તેમાં કાંઈ કરી શકે નહિ. અજ્ઞાની જીવ પોતામાં શુભ કે અશુભભાવ કરીને તેનો કર્તા થાય છે, તે અધર્મ છે. અને જ્ઞાની જીવ પોતાના શુદ્ધ આત્મતત્ત્વને જાણતા થકા, તે વિકારના કર્તા થતા નથી,

મૈં સાધ્ય સાધક મૈં અબાધક, કર્મ અરુ તસુ ફલનિતૈં,
ચિત્-પિંડ ચંડ અખંડ સુગુણકરંડ ચ્યુત પુનિ કલનિતૈં. ૧૦. –શ્રી છઢાળા

તે ધર્મ છે. જીવ શુભરાગ કરીને તેને જો કર્તવ્ય માને તો તેમાં મિથ્યાત્વરૂપ અનંત પાપ ભેગું બંધાય છે. આ રીતે, જીવ પોતાના અંતર્ અભિપ્રાયમાં ધર્મ કે અધર્મ કરે છે. જ્ઞાની કે અજ્ઞાની કોઈ જીવ બહારમાં કાંઈ કરતા નથી.

આ વાત જગતથી ઊંધી છે. આખું જગત બહારના અભિમાનમાં અટકેલું છે. તે અભિમાન ક્યારે ટળે અને ધર્મ કેમ થાય તે વાત ચાલે છે. આ અધિકાર તો અલૌકિક છે. શુદ્ધાત્મસ્વભાવની ઘણી સ્પષ્ટ વાત આવી છે. શ્રીકુંદકુંદાચાર્યદેવે મૂળ સૂત્રોમાં જે ગૂઢ રહસ્ય ભર્યું છે તે રહસ્ય શ્રીપદ્મપ્રભમલધારીદેવે ટીકામાં ખુલ્લું કરીને અપૂર્વ અધ્યાત્મ વસ્તુસ્વરૂપ ખૂલ્લું મૂક્યું છે.

જેને ધર્મ કરવો હોય તેણે, આત્મા શું ચીજ છે તે જાણવું જોઈએ. પહેલા અધિકારમાં શુદ્ધ જીવતત્ત્વનું ઘણું વર્ણન કર્યું; એવા શુદ્ધ જીવતત્ત્વને ઉપાદેય કરવાથી શુદ્ધભાવ પ્રગટે છે, તે જ ધર્મ છે. તેથી આચાર્યદેવ કહે છે કે—જે અત્યંત નિકટ ભવ્ય જીવ છે, જેને બંધનથી છૂટવું છે ને આત્મસ્વભાવની પ્રગટ પ્રાપ્તિ કરવી છે તેને નિજકારણપરમાત્મારૂપ શુદ્ધ જીવતત્ત્વ જ આદરવા યોગ્ય છે.

## ધર્મી જીવ કોને કહેવો?

(૧) જડ પદાર્થોનું કામ હું કરી શકું એમ જે માને તે જીવ ધર્મી નથી.

(૨) શરીરની ક્રિયા હું કરી શકું એમ જે માને તે જીવ ધર્મી નથી.

(૩) જડ કર્મોનો ઉદય મને વિકાર કરાવે એમ જે માને તે જીવ ધર્મી નથી.

(૪) આત્માની દશામાં દયા, વ્રત, પૂજા, ભક્તિ વગેરે જે પુણ્ય ભાવ થાય તે મારું સ્વરૂપ છે એમ જે માને તે જીવ ધર્મી નથી.

(૫) આત્મામાં જે ઉપશમવગેરે સમ્યગ્દર્શન કે કેવળજ્ઞાન વગેરે અવસ્થા છે તે એક સમયપૂરતી છે, તેના જેટલો આત્માને જે માને તે જીવ ધર્મી નથી.

(૬) જડથી જુદો, વિકારથી જુદો અને એક સમય પૂરતી અવસ્થાની અપેક્ષાથી રહિત જે સહજ પરમપારિણામિક ચૈતન્યતત્ત્વ છે તેની જે શ્રદ્ધા કરે તે જીવ ધર્મી છે, તે જીવ અત્યંત નિકટભવ્ય છે. (ક્રમશઃ)

યોં ચિન્ત્ય નિજમેં થિર ભયે, તિન અકથ જો આનંદ લહ્યો,
સો ઇન્દ્ર નાગ નરેન્દ્ર વા અહમિન્દ્રકે નાહીં કહ્યો; —શ્રી છઢાળા



# વૈરાગ્ય–ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે કાળદ્રવ્યનું સ્વરૂપ કહે છે :—

**सव्वाणं दव्वाणं परिणामं जो करेदि सो कालो ।**
**एक्केकासपएसे सो वट्टदि एक्किको चेव ।।२१६।।**

અર્થ :—જે સર્વ દ્રવ્યોના પરિણામ (પરિણમન) કરે છે તે કાળદ્રવ્ય છે અને તે એક એક આકાશના પ્રદેશમાં એક એક કાલાણુદ્રવ્ય વર્તે છે.

ભાવાર્થ :—સર્વ દ્રવ્યોને પ્રતિસમય પર્યાય ઊપજે છે અને વિણસે છે; એવા પરિણમનને નિમિત્તમાત્ર કાળદ્રવ્ય છે. લોકાકાશના એક એક પ્રદેશમાં એક એક કાળાણુ રત્નોની રાશિ સમાન રહે છે અને તે નિશ્ચયકાળ છે.

સ્વદ્રવ્યના પરિણામને પરદ્રવ્ય કરે છે—એમ કહેવું વ્યવહારનું કથન છે. કાળને સિદ્ધ કરવા માટે અહીંયા એમ કહેવામાં આવે છે કે કાળદ્રવ્ય સર્વ દ્રવ્યોના પરિણામ કરે છે, કારણ કે સમસ્ત દ્રવ્યોના પરિણમનમાં નિમિત્ત હોવાનું સામર્થ્ય કાળદ્રવ્યમાં જ છે. પરંતુ પરિણમિત થવાનો સ્વભાવ કોનો? પરિણમિત થવાનો સ્વભાવ દરેક દ્રવ્યનો પોતાનો જ છે. સિદ્ધ ભગવાન પણ પોત-પોતાના પરિણમનસ્વભાવથી જ પરિણમિત થાય છે, તેમને કાળદ્રવ્યને આધીન થઈને પરિણમિત થવું પડતું નથી. દરેક સમયે દરેક દ્રવ્યની પર્યાય ઉત્પન્ન થાય છે ને નાશ પામે છે. આ પરિણમનમાં કાળદ્રવ્ય નિમિત્તમાત્ર છે. લોકાકાશના એક-એક પ્રદેશમાં એક-એક કાલાણુ સ્થિત છે અને તે જ નિશ્ચયકાળ છે.

હવે કહે છે કે—પરિણમવાની સ્વભાવભૂત શક્તિ તો સર્વ દ્રવ્યોમાં છે; ત્યાં અન્ય દ્રવ્ય નિમિત્તમાત્ર છે :—

**णियणियपरिणामाणं णियणियदव्वं पि कारणं होदि ।**
**अण्णं बाहिरदव्वं णिमित्तमित्तं वियाणेह ।।२१७।।**

અર્થ :—સર્વ દ્રવ્યો પોતપોતાના પરિણમનનાં ઉપાદાનકારણ છે અને અન્ય બાહ્ય દ્રવ્ય છે, તે અન્યના નિમિત્તમાત્ર જાણો.

**તબ હી શુકલ ધ્યાનાગ્નિ કરિ, ચઉઘાતિ વિધિ કાનન દહ્યો,**
**સબ લખ્યો કેવલજ્ઞાન કરિ, ભવિલોકકો શિવમગ કહ્યો. ૧૧. –શ્રી છઢાળા**

ભાવાર્થ :—જેમ ઘટ આદિનું માટી ઉપાદાનકારણ છે અને ચાક-દંડાદિ નિમિત્ત-કારણ છે; તેમ સર્વ દ્રવ્યો પોતપોતાના પરિણામનાં ઉપાદાનકારણ છે અને કાળદ્રવ્ય તો નિમિત્તકારણ છે.

હવે કહે છે કે પરિણમિત થવાની શક્તિ તો સર્વ દ્રવ્યોમાં સ્વભાવરૂપ છે અને તેમાં અન્ય દ્રવ્ય, નિમિત્તમાત્ર છે.

આહાહા ! બધા દ્રવ્યોમાં સ્વભાવભૂત પરિણમન શક્તિ છે. તેને બદલે અજ્ઞાની જીવ પરાધીનપણું ગોતે છે. સિદ્ધથી માંડીને નિગોદના બધા જ જીવો તથા પરમાણુ આદિ બધા દ્રવ્યો પોત-પોતાની સ્વભાવશક્તિથી જ પરિણમિત થાય છે. પોતાના પરિણામોનું ઉપાદાન કારણ તે-તે દ્રવ્ય પોતે જ છે, કાળને લીધે કોઈને પરિણમન કરવું પડતું નથી. તેમજ બીજા દ્રવ્યો તો માત્ર નિમિત્ત જ છે. તે સર્વનાં પરિણમનમાં નિમિત્ત થવાનો સ્વભાવ, કાળદ્રવ્યમાં છે.

જેમ ઘડો, માટીના પરિણામથી જ થાય છે, બાહ્ય દ્રવ્ય તો નિમિત્તમાત્ર છે; આ પ્રમાણે સમસ્ત દ્રવ્યોનું પરિણમન પોતાના સ્વભાવથી જ થાય છે, અન્ય દ્રવ્ય તેનો કર્તા નથી; બાહ્ય દ્રવ્ય તો નિમિત્તમાત્ર છે.

હવે કહે છે કે–બધાં દ્રવ્યોને જે પરસ્પર ઉપકાર છે તે સહકારી નિમિતમાત્ર કારણભાવથી છે :—

**सव्वाणं दव्वाणं जो उवयारो हवेइ अण्णोण्णं।**
**सो चिय कारणभावो हवदि हु सहयारिभावेण ॥२१८॥**

અર્થ :—બધાંય દ્રવ્યોને જે પરસ્પર ઉપકાર છે તે સહકારીભાવથી કારણભાવ થાય છે અને તે પ્રગટ છે.

બધા દ્રવ્યો પરસ્પર ઉપકાર કરે છે, તે સહકારીકારણભાવથી છે–એમ હવે કહે છે. અન્ય દ્રવ્ય નિમિત્તરૂપે ઉપસ્થિત હોય છે પરંતુ કાર્ય તો ઉપાદાનની શક્તિથી જ થાય છે. પંડિત બનારસીદાસજીએ પણ કહ્યું છે કે–

ઉપાદાન નિજગુણ જહાં, તહાં નિમિત્ત પર હોય.

અર્થાત્ જ્યાં ઉપાદાન હોય છે, ત્યાં નિમિત્તરૂપથી પરવસ્તુ હોય છે, તોપણ

**પુનિ ઘાતિ શેષ અઘાતિ વિધિ, છિનમાહિં અષ્ટમ ભૂ વસૈં,**
**વસુ કર્મ વિનસૈં સુગુણ વસુ, સમ્યક્ત્વ આદિક સબ લસૈં; –શ્રી છઢાળા**

પરિણામ તો દ્રવ્યના પોતપોતાની પરિણમનશક્તિથી જ થાય છે.

હવે દ્રવ્યોમાં સ્વભાવભૂત નાના (પ્રકારની) શક્તિ છે તેને કોણ નિષેધી શકે છે? તે કહે છે :—

**कालाइलद्धिजुत्ता णाणासत्तीहिं संजुदा अत्था ।**
**परिणममाणा हि सयं ण सक्कदे को वि वारेदुं ॥२१९॥**

અર્થ :—નાના શક્તિયુક્ત બધાય પદાર્થો કાળાદિ લબ્ધિ સહિત થતાં સ્વયં પરિણમે છે. તેમને તેમ પરિણમતાં કોઈ અટકાવવા સમર્થ નથી.

ભાવાર્થ :—સર્વ દ્રવ્યો, પોતપોતાના પરિણામરૂપ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ સામગ્રીને પામી પોતે જ ભાવરૂપ પરિણમે છે; તેમને કોઈ અટકાવી શકતું નથી.

જીવ, જીવના સ્વભાવરૂપે રહીને પોતાની શક્તિથી જ યોગ્ય કાળલબ્ધિથી જ પરિણમિત થાય છે. જીવ કોઈ પુદ્ગલરૂપ પરિણમી જાતો નથી અને પુદ્ગલ જીવરૂપે થઈ જાતો નથી. દરેક દ્રવ્યનું પરિણમન પોતપોતાના સ્વભાવથી જ થાય છે, પુદ્ગલ પુદ્ગલરૂપે પરિણમિત થાય છે, આ પ્રમાણે છએ દ્રવ્ય પોતપોતાની સ્વકાળલબ્ધિથી જ પરિણમિત થાય છે.

જીવને કેવળજ્ઞાન પ્રગટ્યું નથી, તે જીવને પોતાની કાળલબ્ધિથી જ પ્રગટ્યું નથી, કેવળજ્ઞાનાવરણીય કર્મે તેને ઢાંકી દીધું છે—આ તો કહેવાપૂરતું છે. સ્વકાળલબ્ધિથી પોતે પરિણમતા થકા છએ દ્રવ્યોને રોકવા કોઈ સમર્થ નથી. કોઈ દ્રવ્ય પરદ્રવ્યના કારણે પરિણમિત નથી થતો પરંતુ પોતાના સ્વભાવ અને પોતાની સ્વકાળની લબ્ધિને પ્રાપ્ત થઈને સ્વયં પરિણમિત થાય છે.

આ જીવ કેવળીની સભામાં ગયો, ત્યાં પણ પોતાની કાળલબ્ધિને પ્રાપ્ત થઈને પરિણમિત થાય છે, કેવળી ભગવાન તેને પરિણમિત કરાવતા નથી. નિગોદનો જીવ પોતાની કાળલબ્ધિથી જ નિગોદમાં રહ્યો છે. તેને કર્મે રોકી રાખ્યો નથી. અને જ્યારે જીવ નિગોદથી નીકળીને સ્વકાળલબ્ધિથી જ મનુષ્ય થાય છે, ત્યાં કોઈ કર્મ તેને પરિણમન કરવામાં રોકતા નથી. દરેક દ્રવ્યની પ્રતિસમયની પર્યાય સ્વતંત્ર છે, ત્યારે હું પરનું શું કરી શકું અને પર મારું શું કરી શકે ? માટે જ્ઞાતા-દ્રષ્ટાસ્વભાવની શ્રદ્ધા કરીને વીતરાગભાવરૂપે રહેવું જ ધર્મ છે.　　　　　　　　(ક્રમશઃ)

**સંસાર ખાર અપાર પારાવાર તરિ તિરહિં ગયે,**
**અવિકાર અકલ અરૂપ શુચિ, ચિદ્રૂપ અવિનાશી ભયે. ૧૨.　　–શ્રી છઢાળા**

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૮, ગાથા ૯)

## પોતાનું હિત ઇચ્છનાર પ્રાણીએ પોતાનું અહિત કરનાર પ્રાણી પ્રત્યે દ્વેષ કરવો નહિ, સમતા રાખવી

ભાઈ ! તું આત્મા છો ને આત્મામાં જ્ઞાન ને આનંદની મોજૂદગી છે, તેમાં જે પુણ્ય-પાપના ભાવ છે તેમાં સ્વરૂપની મોજુદગી નથી. એ તો વિકૃતભાવ છે. તેને અજ્ઞાની અજ્ઞાનપણે ઉત્પન્ન કરે છે. પોતાના સ્વરૂપમાં તે વિકાર છે જ નહીં. જ્ઞાનાનંદ ચૈતન્યસૂર્ય જ્ઞાયક પ્રભુમાં પુણ્ય-પાપના રાગ વિકાર છે જ નહીં. પરંતુ પોતાની મોજુદગીના ભાન વિના અજ્ઞાનીનું લક્ષ વિકાર ઉપર છે તેથી નવા રાગ-દ્વેષ-કામ-ક્રોધ-દયા-દાન આદિ વિકલ્પ કરીને મેં પરનું કાર્ય કર્યું એમ અજ્ઞાની માને છે.

અહીં તો કહે છે કે તારી હયાતી છે ને શરીરમાં રોગ આવે છે, વૃદ્ધત્વ આવે છે, ક્ષય રોગ થાય છે, તો એ તારી હયાતીમાં કેમ થાય છે ?–કે એ પર પદાર્થ છે ને પર પદાર્થની અવસ્થાનું હોવું તેને આધીન છે, તારે આધીન નથી. ક્ષેત્રાંતરની જે સ્થિતિ થાય તેમાં આત્મા શરીરને લઈને જાય કે શરીર આત્માને લઈને જાય એમ ત્રણ કાળમાં કદી બનતું નથી. પોતાની યોગ્યતાથી ક્ષેત્રાંતર થાય છે.

ભાઈ ! સાંભળ તો ખરો ! શાંત તો થા ! તારું સ્વરૂપ તો ચૈતન્યમૂર્તિ છે ને ! પણ એની તને ખબર નથી ને તારી નજીકમાં જે શરીર જડ પદાર્થ છે તેમાં જે રૂપાંતર થાય તે મારા લઈને થાય છે એમ માને છે. પરંતુ જો તારા લઈને થતું હોય તો તું હો ને તે જતું કેમ રહે છે ? શરીર માટી જડ અજીવ તત્ત્વ છે, તેનું રહેવું, ટકવું, બોલવું, ચાલવું, ખાવું, પીવું એ સર્વ જડની ક્રિયા છે, આત્મા કિંચિત્‌માત્ર તેનું કરી શકતો નથી.

અનાદિકાળથી પર પદાર્થના અભિમાનને લઈને આ ધંધો અમે કર્યો ને લાખો રૂપિયા ભેગા કર્યા ! પણ બાપુ ! એ તો રજકણ જગતનો પદાર્થ અસ્તિરૂપે છે, એ જડનું જડપણે રહીને રૂપાંતર થવું તે જડના લઈને છે. તારા કારણે રૂપાંતર થાય કે તારા કારણે લક્ષ્મી આવે છે તે બિલકુલ જૂઠી વાત છે. હું છું તો પરની દયા પાળી શકું છું એમ માનનારા મૂઢ છે. શરીરની પરની અવસ્થા થવી તેને આધીન છે, પર જીવનું આયુષ્ય

> નિજમાહિં લોક-અલોક ગુણ-પરજાય પ્રતિબિમ્બિત થયે,
> રહિ હૈં અનંતાનંત કાલ, યથા તથા શિવ પરિણયે; –શ્રી છઢાળા

હોય તો શરીર રહે છે ને આયુષ્ય ન હોય તો શરીર છૂટી જાય છે, પણ તારા લઈને પર જીવ બચે એ જૂઠી વાત છે. હા, પરને મારવા-બચાવવાનો તે ભાવ કર્યો, પણ એ ભાવથી પરમાં કાંઈ થાય એ વાત બિલકુલ જૂઠી વાત છે.

તારી હયાતી મોજૂદગી રહેવા છતાં આ શરીરાદિ પદાર્થ અવસ્થાંતર શી રીતે થઈ ગયા! જો તારાથી રહેતા હોય ને તારા હોય તો તું હો ને પત્ની કેમ મરી જાય છે? ભાઈ! એ ચીજ તારાથી ભિન્ન છે માટે તેનું રહેવું કે ન રહેવું એ તારે આધીન નથી. છતાં તું માને કે તારે આધીન છે તો તું મૂઢ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છો. જો તારે આધીન હોય તો તારી હયાતીમાં સ્ત્રી-પુત્ર-પૈસા આદિ જતાં કેમ રહે છે?

પર પદાર્થ જાય કે રહે, શરીર સારું રહે કે ન રહે, એ તો જડના એના કારણે છે, આત્માને કારણે બિલકુલ નથી, કેમકે એ તો પરપદાર્થ છે. લક્ષ્મી-સ્ત્રી-પુત્ર આદિ આવે ને જાય એ તો એના કારણે છે, પૂર્વના પુણ્યથી આવે છે તેમ કહેવું તે પણ વ્યવહાર છે.

એકેએક રજકણ પોતાની ક્રિયા કરવા માટે સ્વતંત્ર છે, એ તારા લઈને કેમ થાય? તેથી અહીં કહે છે કે જો શરીર આદિ પરપદાર્થ તારા હોત તો તારે તો એના નાશનો ભાવ નથી છતાં તારા પ્રયોગ વિના-તારાં કર્યા વિના શરીરાદિ કેમ ચાલ્યાં જાય છે? માટે મારાથી શરીરાદિનું કાર્ય થાય છે એ માન્યતાવાળો જડ ને ચૈતન્યને એક માને છે.

ભાઈ! શરીરના નાશનો તારો ભાવ તો છે નહિ, સ્ત્રી-આબરૂ આદિનો નાશનો તારો તો ભાવ નથી, તારા પ્રયોગ વિના-તારી ઇચ્છા ન હોવા છતાં શરીરાદિ જ્યાં-ત્યાં કેમ ચાલ્યા જાય છે? જેવી તેની પરિણતિ થવાની હોય તે તેનાથી થાય છે, તારી ઇચ્છાને લઈને તેમાં કાંઈ થતું નથી. પરંતુ તારા તત્ત્વની ને પર તત્ત્વની ભિન્નતાનું તને ભાન નથી.

સાધુ ત્યાગી થઈને પણ એમ માને કે શરીર સારું હશે તો ધર્મ થશે. મૂઢ છે! આહાર સારો હોય તો અમારા પરિણામ સારા થાય; મૂઢ છે! શરીર ને આહાર તો જડ છે, શું એ આત્માના પરિણામ બગાડે? તું તારા પરિણામ બગાડે ત્યારે તેમાં જડને નિમિત્ત કહેવાય.

આહાર લેવાની ઇચ્છા થઈ ને આહાર લીધો; ત્યાં ઇચ્છાને લઈને આહાર આવ્યો નથી, આહાર તો પુદ્‌ગલદ્રવ્ય છે, પુદ્‌ગલદ્રવ્યને લઈ શકું કે છોડી શકું એ માન્યતા જ મૂઢ મિથ્યાદૃષ્ટિની છે. ધર્મી જીવની એવી માન્યતા હોતી નથી. લોકોમાં કહેવાય છે કે

**ધનિ ધન્ય હૈં જે જીવ, નરભવ પાય યહ કારજ કિયા,**
**તિનહી અનાદિ ભ્રમણ પંચપ્રકાર તજિ, વર સુખ લિયા. ૧૩. –શ્રી છઢાળા**

ખાનારનું નામ દાણા-દાણા ઉપર લખેલ છે. તેનો અર્થ જ એ છે કે જે અનાજના રજકણોનો પુદ્‌ગલપિંડ અહીં આવવાનો હશે તે જ આવશે, નહિ આવવાનો હોય તે નહિ આવે, તારી ઈચ્છાથી બિલકુલ કાર્ય થતું નથી.

આહાહા! વીતરાગની વાત જગતથી નિરાળી છે. સર્વજ્ઞ તીર્થંકર ત્રિલોકનાથ પરમાત્મા કે જેમણે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક પ્રત્યક્ષ દેખ્યા છે તેમણે બધાજ પદાર્થ ભિન્ન-ભિન્ન દેખ્યા છે, કોઈ પદાર્થ બીજા ભિન્ન પદાર્થને રાખી શકે, નાશ કરી શકે એવી એનામાં તાકાત છે જ નહિ.

હાથ ઊંચો કરી શકે એવી આત્મામાં તાકાત છે જ નહિ. ભાઈ! એ જડની અવસ્થા જડનું કાર્ય છે, તારું કાર્ય નથી. તારા પ્રયોગ વિના, તારી ઈચ્છા ન હોવા છતાં, તારા જ્ઞાનમાં ખ્યાલ પણ ન હોય કે શરીરની આવી ક્રિયા થાય અને તેમ છતાં શરીરની ક્રિયા થાય છે તેનો અર્થ શું?—કે શરીરની જે કોઈ ક્રિયા થાય છે તે શરીરના કારણે થાય છે, તારા કારણે પરમાં બિલકુલ કાંઈ જ થતું નથી.

બીજા આત્માઓનું તથા પરમાણુઓનું તારા પ્રયોગ વિના આવવું-જવું થાય છે, તારા કારણે આવવું-જવું થતું નથી. જેમ સાંજે પક્ષીઓ દૂર દૂર દેશ-દેશાંતરથી આવે ને સવાર થતાં ક્યાંય ને ક્યાંય ચાલ્યા જાય તેમ પ્રત્યેક પદાર્થ ક્યાંયથી આવે ને ક્યાંય ચાલ્યા જાય-તારે આધીન નથી.

શ્રી મોક્ષમાર્ગપ્રકાશકમાં દૃષ્ટાંત આવે છે કે એક પાગલ હતો. ગામ બહાર નદી કિનારે બેઠો હતો. ૯ વાગ્યે ત્યાંથી કોઈ રાજા સૈન્ય લઈને નીકળ્યો ને આહાર-પાણી માટે નદી કિનારે પડાવ નાખ્યો. ત્યાં પાગલ કહે ઓહોહો! માણસો આવ્યા! આ મારું સૈન્ય આવ્યું! આ મારા ઘોડા ને હાથીઓ આવ્યા! પછી ભોજન કરીને રાજા સૈન્ય લઈને આગળ ચાલતો થયો ત્યાં પાગલ કહેવા લાગ્યો કે મને પૂછ્યા વિના ક્યાં ચાલ્યા? ત્યારે પેલા કહે કે આ પાગલ લાગે છે. અમે તો અમારા કારણે આવ્યા હતા ને અમારે લઈને જઈએ છીએ, તારો અમારા ઉપર શું અધિકાર છે? પાગલ કહે કે હું પહેલાં અહીં બેઠો હતો ને પછી તમે આવ્યા ને? તો પૂછ્યા વિના કેમ ચાલ્યા જાઓ છો? તેમ એક આત્મા બીજા ભવમાંથી અહીં જન્મ્યો, મોટો થયો ને પછી પૂર્વના પુણ્યના નિમિત્ત સ્ત્રી-પુત્ર-લક્ષ્મી-આબરૂ આદિ આવ્યાં. પણ જ્યાં તેઓ પોતપોતાની મુદત અનુસાર ચાલ્યા જવા માંડ્યા ત્યાં કેમ ચાલ્યા જાય છે?-એમ સ્ત્રી-પુત્રાદિ પાછળ માથા ફોડે! પણ ઈ ક્યાં તારા

**મુખ્યોપચાર દુ ભેદ યોં બડભાગિ રત્નત્રય ધરૈં,**
**અરુ ધરેંગે તે શિવ લહૈં, તિન સુયશ-જલ જગ-મલ હરૈં;** **–શ્રી છઢાળા**

લઈને આવ્યા હતા ? અમારી સ્થિતિને લઈને અમે આવ્યા હતા ને અમારી સ્થિતિ પૂરી થતાં અમે ચાલ્યા જઈએ છીએ, તારા કારણે અમે આવ્યા જ નથી ને તારા કારણે અમે જતા જ નથી.

તારા પ્રયત્ન વિના જ પર પદાર્થ ચાલ્યા કેમ જાય છે ? તારા લઈને તેઓ હોય તો તું રહેતાં તેઓ ચાલ્યા કેમ જાય ? તેઓ તો પર પદાર્થ છે,તારા કારણે તેઓ આવ્યા નથી ને તારા કારણે જતા નથી. અરે, આત્મા ! તું જ્ઞાનાનંદ છો, તું તો જાણનાર-દેખનાર છો, પણ તને મોહરૂપી ભૂતડું વળગ્યું છે. મિથ્યાત્વનું તને ભૂત વળગ્યું છે કે હું પર પદાર્થનું કામ કરી શકતો હતો પણ હવે નથી કરી શકતો ! ભાઈ ! પ્રભુ ! મિથ્યાત્વના એ આવેશને છોડી દે ! તું જ્ઞાનસ્વરૂપ આનંદસ્વરૂપ છો ને ! પરચીજનું હું કાંઈ કરી શકું એમ શા માટે માને છે ? છોડી દે.

મોહરૂપી પિચાશના આવેશને છોડી દે ને જેવો પર પદાર્થનો સ્વભાવ છે એવો દેખ. પર પદાર્થ એના કારણે આવ્યા છે ને એના કારણે જાય છે એવો એનો સ્વભાવ જેમ છે એમ દેખ. ઓહોહો ! સર્વજ્ઞ ભગવાન પુણ્યના વિકલ્પને પણ છોડીને વીતરાગ થઈ ગયા ! મુનિદશામાં મહાવ્રતના પરિણામ આવ્યા હતા, એ તો રાગ હતો, એ રાગને પણ છોડીને વીતરાગ થઈ ગયા. એ સર્વજ્ઞ પરમેશ્વરદેવ કહે છે કે ભાઈ ! તને મોહરૂપી પિશાચ વળગ્યો છે તેથી તારી જોવાની દૃષ્ટિ વિપરીત થઈ ગઈ છે. માટે એ મોહરૂપી પિચાશના આવેશને દૂર કરીને પછી દેખવાની ચેષ્ટા કર એટલે કે પરપદાર્થ તો તેના કારણે આવે ને જાય છે, તું તો જાણનાર-દેખનાર છો એમ દૃષ્ટિ કર. એ વિના તારી સ્વતંત્રતાની સાચી શ્રદ્ધા કદી થશે નહીં ને એ વિના તારું કલ્યાણ કદી થશે નહિ.　　　　　(ક્રમશઃ)

---

ભવ્યજીવોંકો ઐસા વિચાર કરના ચાહિયે કિ મૈં સહજ શુદ્ધ જ્ઞાનાનંદ સ્વભાવ નિર્વિકલ્પ હૂઁ, ઉદાસીન હું, નિજાનંદ નિરંજન શુદ્ધાત્મ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ઔર સમ્યક્ચારિત્રરૂપ નિશ્ચયરત્નત્રયમયી નિર્વિકલ્પ સમાધિસે ઉત્પન્ન વીતરાગ સહજાનંદરૂપ આનંદાનુભૂતિમાત્ર જો સ્વસંવેદનજ્ઞાન ઉસસે ગમ્ય હૂઁ, અન્ય ઉપાયોંસે ગમ્ય નહીં હું, નિર્વિકલ્પ નિજાનંદ જ્ઞાનકર હી મેરી પ્રાપ્તિ હૈ, મૈં પૂર્ણ હું, રાગ, દ્વેષ, મોહ, ક્રોધ, માન, માયા, લોભ, પાંચોં ઈન્દ્રિયોંકે વિષય-વ્યાપાર, મન, વચન કાય, દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ, ખ્યાતિ, પૂજા, લાભ, દેખે-સુને ઔર અનુભવે ભોગોંકી વાંછારૂપ નિદાનબંધ, માયા, મિથ્યા યે તીન શલ્યે ઈત્યાદિ વિભાવ પરિણામોંસે રહિત સબ પ્રપંચોંસે રહિત મૈં હૂઁ. તીન લોક તીન કાલમેં, મન વચન કાય કર, કૃત કારિત અનુમોદના કર, શુદ્ધ નિશ્ચયનયસે મૈં આત્મારામ ઐસા હૂઁ તથા સભી જીવ ઐસે હૈં, ઐસી સદૈવ ભાવના કરની ચાહિયે.　　　*(શ્રી પરમાત્મપ્રકાશ, ટીકાકારનું અંતિમ કથન)*



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

અહીં કહે છે કે જેટલો ભેદ પડે છે તે તારું પદ નથી. સ્વભાવમાં જ્ઞાનનું એકપણું થવું તે તારું પદ છે, પુણ્ય-પાપ તારું પદ નથી. અજ્ઞાની માને છે કે મેં આટલાં પુણ્ય કર્યા. ભાઈ, તે બધો વિકાર છે. વિકારરહિત આત્મા તે તારું પદ છે.

શરીર, મન, વાણી જ્ઞાન વિનાનાં છે, અપવિત્ર છે, અસ્થિર ને ક્ષણિક છે. તેની સાથે શું સ્નેહ કરો છો ? બરાબર નિહાળો કે શરીરની અંદર ચૈતન્યતત્ત્વ છે. આ ચૈતન્યદીવો સ્થિર છે, પવિત્ર છે, તેને ઓળખ.

“સંસાર ન બનાવ્યો હોત તો આ ઉપાધિ તો ન રહેત,” એમ કોઈ અજ્ઞાની કહે છે. પોતે ભૂલ કરે છે, તે કોઈ બીજાએ કરી નથી. પર વસ્તુ તો પરમાં છે, વિકાર અથવા સંસાર પોતે કરે છે, તે પોતામાં છે, પરમાં નથી, પરે કરાવ્યા નથી ને તેને પોતે ટાળે તો નાશ થાય, છતાં કર્મ ઉપર અથવા ઈશ્વર ઉપર દોષ નાખે છે. આત્મા ત્રિકાળ આનંદમૂર્તિ છે, તેને ચૂકી પરમાં સુખ માની દુઃખની ભાવના કરી દુઃખી થાય છે.

શરીર મંદિરમાં આત્મા દીવો છે. પુણ્ય-પાપને દીવો ન કહ્યો. વિકાર સ્વભાવમાં નથી. ચેતન દીપક શાશ્વતનો ખ્યાલ કરતો નથી.

પ્રશ્ન :—બહારથી નિવૃત્તિ લ્યે તેને આ બધું સમજાય ને ?

સમાધાન :—જેને ઊંધી સમજણ છે તેને નિવૃત્તિ નથી. પર પદાર્થો મારામાં નથી ને વિકાર મારું સ્વરૂપ નથી, હું જ્ઞાન છું એવો નિર્ણય કરે તો પોતે ખોટી શ્રદ્ધાથી નિવર્ત્યો કહેવાય ને સ્થિરતા કરે તો અસ્થિરતાથી નિવર્ત્યો કહેવાય. તું શાશ્વત દીપક છે. શરીર તો છૂટે છે, શરીર છૂટેલું જ પડ્યું છે. ચૈતન્ય ને શરીર વચ્ચે અત્યંત અભાવ છે. શરીર મારું નથી, હું આત્મા છું, પુણ્ય-પાપ કૃત્રિમ છે ને સ્વભાવ અકૃત્રિમ છે—એવી દૃષ્ટિપૂર્વક અવલોકન કરો. શરીર અસ્થિર છે, ચૈતન્ય નિત્ય સ્થિર છે, તેનો અભાવ થયો નથી.

**ઇમિ જાનિ, આલસ હાનિ, સાહસ ઠાનિ, યહ સિખ આદરૌ,**
**જબલૌં ન રોગ જરા ગહૈ, તબલૌં ઝટિતિ નિજ હિત કરૌ. ૧૪. –શ્રી છઢાળા**

જેમ વ્યવહારમાં નટ અનેક સ્વાંગ ધરે છે, છતાં પોતે તે રૂપ નથી. કોઈ નટ કૂતરાનો વેશ લ્યે, છતાં પોતાને કૂતરો માનતો નથી. અજ્ઞાની માને છે કે હું નિર્ધન, હું ધનવાન, હું પંડિત, હું મૂર્ખ, હું કાળો, હું રૂપાળો વગેરે પ્રકારે માને છે. શરીરો તો અસ્થિર છે, તું એવો ને એવો રહ્યો છે, માટે તું તને જો.

આત્મા ચિદાનંદ દીવો છે, નિત્યાનંદ પ્રભુ છે. શરીર છૂટવાથી આત્માનો અભાવ થશે ? ના. અભાવવાળી ચીજો અભાવરૂપે રહેશે ને તારી ચીજ એવી ને એવી સદ્‌ભાવરૂપે છે. માટે તેને તું જો.

નટ ગમે તેટલા વેશ પહેરે તોપણ પોતાને તેરૂપ માનતો નથી. નટ ઘેર જાય છે ત્યારે નાટકનો વેશ પહેરીને જતો નથી, તેમ શરીર, પુણ્ય-પાપ આદિ ભેખ છે. તે ભેખ લઈને આત્માની અંદર જવાય તેમ નથી. તત્ત્વોનો વિકલ્પ પણ ભેખ છે, તે બધા ભેદો છે, તેના વડે તારા ચૈતન્યપદમાં નહિ જવાય, માટે સમ્યગ્દર્શનનું ઘર જોવું હોય તો પુણ્ય-પાપ, દયા વગેરેના ભેખ સાથે લઈને અંતરપ્રતીતિ થશે નહિ. પુણ્ય કરતાં કરતાં ધર્મ થશે, તેમ માને છે તે બધુ બંધનું કારણ છે. તેની રુચિ છોડી, નિત્યાનંદ દીવાની દૃષ્ટિ કર. શરીર ને વિકાર અનિત્ય છે, તેની રુચિ છોડ. સ્વભાવ એવો ને એવો નિત્ય છે; તેને જોવાથી અનુભવ થશે ને ધર્મ થશે.

આ અનુભવપ્રકાશ ગ્રંથ છે. આત્મા હરખ-શોકને અનુભવે છે તે સંસાર છે. વિકાર રહિત આત્મા જ્ઞાન ને આનંદની મૂર્તિ છે, તેનું અવલંબન લઈ વીતરાગી દશા પ્રગટ કરવી તે ધર્મ છે. આત્માનો અનુભવ કહો, મોક્ષમાર્ગ કહો કે વીતરાગીદશા કહો– એ બધું એક જ છે.

શરીર અજીવ છે, ચેતન જાણનાર-દેખનાર છે, નિત્ય એકરૂપ સ્વભાવી કાયમી ચીજ છે, તેને બરાબર જુઓ. અંદર કેવું સ્વરૂપ છે તેને જોવું ને અનુભવવું તે ધર્મ છે.

શરીર છૂટી જાય છે, પણ ભગવાન જ્ઞાનમૂર્તિ શાશ્વત રહે છે. જેમ ખડી સફેદાઈનો ગાંગડો છે તેમ આત્મા જ્ઞાનનો ગાંગડો છે; તેની અવસ્થામાં ભ્રાંતિ છે, મૂળ સ્વભાવમાં વિકાર નથી. દેહદેવળમાં રહેલો આત્મા શાશ્વત દીવો એવો ને એવો છે. તેનો અનુભવ કરો.

નાટકિયો અનેક સ્વાંગ ધારણ કરે, ઘડીમાં ગોરો થાય, ઘડીમાં સ્ત્રી થાય, રાજા

યહ રાગ-આગ દહૈ સદા, તાતૈં સમામૃત સેઈયે;
ચિર ભજે વિષય-કષાય અબ તો ત્યાગ નિજપદ બેઈયે. –શ્રી છઢાળા

થાય—એવો વેશ ધારણ કરે પણ નટ તો એનો એ છે; તેમ આત્માએ ગમે તેટલા પુણ્ય-પાપના ક્ષણિક પરિણામ કર્યા પણ વસ્તુ તો એની એ છે. એવા ધ્રુવ સ્વભાવની દૃષ્ટિ કરવી તે ધર્મ છે. જેમ રત્નના દીવાને પવનના ઝપાટા લાગે પણ તે મચક ન ખાય, તેમ એક સમયની વિકારી પર્યાયને ગૌણ કરીને નિત્યાનંદ સ્વભાવને જો. સમ્યગ્દર્શનનો ધ્યેય ધ્રુવ સ્વભાવ એવો ને એવો છે.

શ્રી સમયસાર ગાથા ૧૪માં સ્પષ્ટીકરણ આવે છે :—

અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય ને જે નિયત દેખે આત્મને,
અવિશેષ, અણસંયુક્ત, તેને શુદ્ધનય તું જાણજે. ૧૪.
અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, જે અવિશેષ દેખે આત્મને,
તે દ્રવ્ય તેમજ ભાવ જિનશાસન સકલ દેખે ખરે. ૧૫.

આ બન્ને ગાથાનો અહીં ટૂંકો સાર છે. હે ચિદાનંદમૂર્તિ! તું જ્ઞાન-આનંદનો કરનાર છો, પુણ્ય-પાપ સંસાર છે, તે તારું સ્વરૂપ નથી. તારે જૈનશાસનને જોવું હોય, તેનો મર્મ જાણવો હોય તો અમે કહીએ છીએ તેને જો. દયા-દાન, રાગ-દ્વેષ, શરીર-મન-વાણી બધો કર્મનો સ્પૃષ્ટભાવ છે. દયા-દાનાદિ વિકારીભાવ કર્મઉપાધિથી થયેલો ભાવ છે, તે કર્મનો છે. તે છ વાતથી સ્પષ્ટ કરશે :—

(૧) જેવી રીતે કમલિની—પત્ર પાણીમાં રહે છે, છતાં પાણીથી બંધાયેલું નથી, તેમ જ

(૨) પાણી તેને સ્પર્શ્યું નથી. બન્ને ચીજ ભિન્ન છે.

કમળપત્ર પાણીથી નિર્લેપ રહે છે. પાણી ને કમળપત્ર વચ્ચે અન્યોન્ય અભાવ છે. અભાવ ન હોય તો પૃથક્ રહી શકે નહીં. તેમ ચિદાનંદ આત્મા કમળપત્રની પેઠે કર્મરૂપી જળથી બંધાયેલો નથી. ગુંદર ને કાગળ વચ્ચે શ્લેષ સંબંધ થાય છે એવો આત્મા ને કર્મ વચ્ચે સંબંધ નથી. તે એકમેક નથી—એવી દૃષ્ટિ કરવી તે જૈનશાસન છે. મારા સ્વરૂપમાં કર્મનો બંધ નથી, તેમજ કર્મ આત્માને સ્પર્શ્યા નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શે એમ બનતું નથી. એકબીજાનો એકબીજામાં અભાવ છે. આત્મા કર્મને સ્પર્શ્યો નથી. ધ્રુવ સ્વભાવ ઉપર દૃષ્ટિ કર. જૈનશાસનનો ધ્યેય આ છે. ભગવાન આત્મા શાશ્વત દીવો છે, તે સમ્યગ્દર્શનનો વિષય છે. આત્મા કર્મથી એકરૂપ થયો નથી. કર્મનો સંયોગ છે તે નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો વ્યવહાર બતાવે છે. તે વ્યવહારનયના વિષયને અભૂતાર્થ

**કહા રચ્યો પર પદમેં, ન તેરો પદ યહૈ, ક્યોં દુખ સહૈ;**
**અબ 'દૌલ'! હોઉ સુખી સ્વપદ રચિ, દાવ મત ચૂકૌ યહૈ. ૧૫.** —શ્રી છઢાળા

કરીને, સ્વભાવને નિશ્ચયનયનો વિષય કહ્યો છે અને એ દૃષ્ટિએ આત્માને કર્મ સાથે સંયોગ સંબંધ પણ નથી. આત્માની પર્યાયમાં રાગ થાય છે. તેના નિમિત્તે કર્મ બંધાય છે. તેવી નિમિત્ત-નૈમિત્તિક સંબંધવાળી વર્તમાનદશા વ્યવહારનયનો વિષય છે. ધર્મી જીવને વર્તમાન ઉપરની દૃષ્ટિ છોડાવી સ્વભાવબુદ્ધિ કરાવે છે.

વ્યવહારે આત્મા સાથે શરીરને કર્મનો સંબંધ છે, તે જ્ઞાન કરવા માટે છે પણ આદરવા માટે નથી. આત્મા કર્મથી બંધાયેલો નથી, તેમ જ સ્પર્શાયેલો નથી. એમ નિર્ણય કર તો ભૂતાર્થ સ્વભાવ ખ્યાલમાં આવે. શ્રી સમયસાર ગાથા ૧૪માં શ્રી કુંદકુંદાચાર્યે અને શ્રી અમૃતચંદ્રાચાર્યે આ વાત સ્પષ્ટ કરેલ છે ને શ્રી દીપચંદજીએ અહીં સાર મૂકી દીધો છે. સમ્યગ્દર્શનનો વિષય અખંડ દ્રવ્ય છે, જ્ઞાન ધ્રુવસ્વભાવ ને પર્યાય બંનેનું જ્ઞાન કરે છે. વર્તમાન પર્યાયમાં રાગ ને કર્મનું નિમિત્ત એમ બંનેનું જ્ઞાન કરે છે. તે જ્ઞાન યથાર્થ ક્યારે થાય? તે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ઉપરથી લક્ષ છોડી, રાગનો ને કર્મનો મારામાં અભાવ છે, હું શુદ્ધ ચૈતન્ય છું એમ દૃષ્ટિ કરે તો સમ્યગ્દર્શન-જ્ઞાન થાય.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવ—એમ ચાર વાત આમાં કહે છે. ચેતન કર્મથી બંધાયેલો નથી ને સ્પર્શાયેલો નથી—આમ શુદ્ધ દ્રવ્યનો વિષય દ્રવ્યથી બતાવ્યો. *(ક્રમશઃ)*

---

(અનુસંધાન પેજ નં. ૨૫ થી ચાલુ) (બહેનશ્રીની તત્ત્વચર્ચા)

પાત્રતા શરૂ થઈ ગઈ. ભગવાનના અતિશય કોઈ જુદા જ હોય છે. તેમની વાણી આદિ બધું જુદું હોય છે અને તે જીવોને સહેજે પલટવાનું કારણ બને છે. જો ઉપાદાન તૈયાર હોય તો પરિણતિનો સહેજે પલટો થઈ જાય છે. ગૌતમસ્વામી સમવસરણમાં આગળ જાય છે ત્યાં સમ્યગ્દર્શન, મુનિદશા, બધી લબ્ધિઓ અને અવધિજ્ઞાન પ્રગટે છે. એકદમ અંદરમાં પલટો થઈ જાય છે અને ભગવાનની વાણી છૂટે છે. અંદર પાત્રતાની તૈયારી હોય તો ભગવાનનો અતિશય પ્રબળ નિમિત્ત બને છે.

મહાભાગ્યે ગુરુદેવ ભરતક્ષેત્રમાં જન્મ્યા. અત્યારે તેમના જેવો નમૂનો કોઈ દેખવામાં આવતો નથી. તેમની વાણી આદિ બધું જુદું હતું. એમના દર્શનમાત્રથી જીવો ઊછળી જતા હતા, અને આ જુદા પુરુષ છે એવું થઈ જતું હતું.

---

**ઇક નવ વસુ ઇક વર્ષકી, તીજ શુક્લ વૈશાખ,**
**કર્યો તત્ત્વ-ઉપદેશ યહ, લખિ બુધજનકી ભાખ. —શ્રી છઢાળા**

# જિજ્ઞાસુએ ધર્મ કેવી રીતે કરવો ?

## નિશ્ચય શ્રદ્ધા–જ્ઞાન કેમ પ્રગટે ?

અહીં તો એ બતાવ્યું કે માત્ર કષાયની મંદતામાં ઘણા જીવો લાગી જાય છે, પણ તેમને વ્યવહાર શ્રદ્ધાય હોતી નથી, તેમને મિથ્યાત્વના રસ યથાર્થ મંદ થતો નથી. જે જીવ પર્યાયની સ્વતંત્રતા માને છે તે જીવને કષાયની મંદતા તો સહજ હોય જ છે પણ તે મોક્ષમાર્ગ નથી. જ્યારે પોતાના સ્વભાવને સ્વથી પરિપૂર્ણ અને સર્વ વિભાવોથી શૂન્ય માને અને પર્યાયનું લક્ષ ગૌણ કરી, ધ્રુવ ચૈતન્ય સ્વભાવનો આશ્રય લે ત્યારે સ્વભાવની શ્રદ્ધાથી જ સમ્યગ્દર્શન થાય છે.

અત્યારે જોવામાં આવતા ત્યાગીઓ કે વ્રતધારીઓની વ્યવહાર શ્રદ્ધા પણ સાચી નથી; પોતાના પરિણામ સ્વતંત્ર છે એમ જે જાણતા નથી તેમને તો દર્શનશુદ્ધિનો વ્યવહાર પણ સાચો નથી–મિથ્યાત્વની મંદતા પણ ખરેખર નથી. વસ્તુનું સ્વરૂપ જ એવું છે, તે કોઈની અપેક્ષા રાખતું નથી. ત્યાગાદિના શુભ પરિણામ વડે વસ્તુસ્વરૂપ સાધી શકાય તેવું નથી.

ત્રિકાળી સ્વભાવ સ્વતંત્ર છે. તેનો અંશ પણ સ્વતંત્ર છે. મારા ત્રિકાળી સ્વભાવમાં રાગાદિ પરિણામ નથી–એમ સ્વભાવદૃષ્ટિ કરીને પર્યાયબુદ્ધિ છોડે ત્યારે જ સમ્યગ્દર્શન થાય છે અને ત્યારે જ મોક્ષમાર્ગ છે. દ્રવ્યલિંગી જીવ પર્યાયને તો સ્વતંત્ર માને છે પણ પર્યાયબુદ્ધિ છોડતો નથી. ત્રિકાળી સ્વભાવનો આશ્રય કરતો નથી તેથી તેને મિથ્યાત્વ રહે છે. તે જીવ શાસ્ત્રના લખાણથી બધું માને છે, પણ સ્વમાં આવતો નથી. પરલક્ષે પર્યાયની સ્વતંત્રતા માને છે, પણ ખરેખર સ્વભાવમાં રાગાદિ પણ નથી એવી શ્રદ્ધા વગર અંશની સ્વતંત્રતા પણ પરમાર્થે માની કહેવાય નહીં.

'કર્મો વિકાર કરાવે અથવા તો નિમિત્તને આધીન થઈને વિકાર કરવો પડે' ઈત્યાદિ પ્રકારે જેણે પર્યાયને જ પરાધીન માની છે તે જીવે તો ઉપાદાન-નિમિત્તને એકમેક માન્યા છે. અને નિમિત્તને લીધે પોતાની પર્યાય ન માને પણ સ્વતંત્ર છે એમ માને, પરંતુ પર્યાયમાં જે વિકાર થાય તેને સ્વરૂપ માનીને અટકે તો પણ મિથ્યાત્વ છે. ચૈતન્ય સ્વભાવમાં તેનો અભાવ છે એમ શ્રદ્ધા કરે ત્યારે મિથ્યાત્વનો અભાવ થાય છે.

લઘુ-ધી તથા પ્રમાદતૈં, શબ્દ-અર્થકી ભૂલ,
સુધી સુધાર પઢો સદા, જો પાવો ભવ-કૂલ.　　　–શ્રી છઢાળા

પરદ્રવ્યોની ક્રિયાથી પોતાના પરિણામ થાય છે એમ માને તેને મંદ કષાય હોવા છતાં મિથ્યાત્વનો રસ ખરેખર મંદ પડતો નથી, અને શાસ્ત્રજ્ઞાન પણ સાચું હોતું નથી.

પરદ્રવ્યને લીધે મારી પર્યાય થતી નથી. મારી પર્યાય સ્વતંત્ર મારાથી થાય છે— એમ પર્યાયની સ્વતંત્રતા માને ત્યારે મિથ્યાત્વનો રસ મંદ પડે છે અને શાસ્ત્રજ્ઞાન સાચું થાય છે. તેને વ્યવહાર શ્રદ્ધા-જ્ઞાન કહેવાય છે; ત્યાં કષાયની મંદતા હોય જ છે, પરંતુ હજી પર્યાયદૃષ્ટિ છે તેથી સમ્યગ્દર્શન થતું નથી.

ત્રિકાળી ચૈતન્યસ્વભાવ છે તે અંશ જેટલો (પર્યાય જેટલો) નથી, સ્વભાવથી પૂરો અને વિભાવથી રહિત છે એવી શ્રદ્ધા તે જ સમ્યગ્દર્શન છે, તે અપૂર્વ પુરુષાર્થ છે, અને તે જ મોક્ષમાર્ગ છે. મંદ કષાયનો પુરુષાર્થ તે કાંઈ અપૂર્વ નથી. તે તો જીવે અનંતવાર કરેલ છે. તેથી તે તો શીખવ્યા વગર પણ જીવ કરે છે, એ કાંઈ નવું શીખડાવવું પડે તેમ નથી. પરંતુ જીવે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનો પ્રયત્ન કદી કર્યો નથી, તેથી તે જ અપૂર્વ છે, અને તે જ કલ્યાણનું કારણ છે.


શ્રદ્ધા અને જ્ઞાનનો વ્યવહાર તો જીવોએ અનંતવાર સુધાર્યો છે. છતાં નિશ્ચય શ્રદ્ધા-જ્ઞાનના અભાવને લીધે તેનું હિત થયું નથી. મોટા ભાગના લોકો ધર્મના નામે બાહ્ય ક્રિયાકાંડમાં જ અટકી પડ્યા છે અને તેમને વ્યવહાર શ્રદ્ધા-જ્ઞાન પણ સાચા હોતાં નથી તેથી અહીં યથાર્થ સમજાવ્યું છે કે વ્રત-પડિમા કે દયા-દાનાદિના શુભપરિણામ તે કાંઈ વ્યવહાર શ્રદ્ધા-જ્ઞાનનો ઉપાય નથી. વ્યવહાર શ્રદ્ધા-જ્ઞાન કેમ થાય અને સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન કેમ પ્રગટે તે અહીં સમજાવ્યું છે.

### સમ્યક્ત્વનો મહિમા

- હે શ્રાવક ! સંસારના દુઃખોનો ક્ષય કરવા માટે પરમ શુદ્ધ સમ્યક્ત્વને ધારણ કરીને અને તેને મેરુપર્વત સમાન નિષ્કંપ રાખીને તેને જ ધ્યાનમાં ધ્યાવ્યા કરો. (મોક્ષપાહુડ ગાથા-૮૬)
- જે જીવ સમ્યક્ત્વને ધ્યાવે છે તે જ સમ્યગ્દૃષ્ટિ હોય છે, અને સમ્યક્ત્વરૂપ પરિણમનથી તે જીવ દુષ્ટ અષ્ટ કર્મોનો ક્ષય કરે છે. (મોક્ષપાહુડ ગાથા-૮૭)
- અધિક શું કહેવું ? ભૂતકાળમાં જે મહાત્મા સિદ્ધ થયા છે અને ભવિષ્યમાં સિદ્ધ થશે તે બધું આ સમ્યક્ત્વનું જ માહાત્મ્ય છે એમ જાણો. (મોક્ષપાહુડ ગાથા-૮૮)

**નિજમાહિં નિજકે હેતુ નિજકર, આપકો આપૈ ગહ્યો;**
**ગુણ-ગુણી જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેય, મંઝાર કછુ ભેદ ન રહ્યો. ૮. –શ્રી છઢાળા**





# ત્રણ રત્નોની કિંમત સમજીએ

સંસારમાં અનંતાનંત જીવોમાં સંખ્યાતજીવો જ મનુષ્ય હોય છે એટલે ત્રિરાશીને હિસાબે ગણતાં અનંતજીવોમાંથી માત્ર એક જીવ મનુષ્ય થાય.

આવું દુર્લભ મનુષ્યપણું છે. દૃષ્ટિગોચર ક્ષેત્રમાં રહેલા કરોડો-અબજો મનુષ્યોમાં પણ મોટા ભાગના મનુષ્યો તો માંસ-દારૂ ને મધ જેવા અભક્ષ્ય-સેવનના પાપસમુદ્રમાં એવા ડુબેલા છે કે જેને ધર્મના શ્રવણ જેટલા વિશુદ્ધપરિણામ જ નથી.

હવે બાકી રહેલા થોડાઘણા મનુષ્યોમાંથી પણ મોટા ભાગને તો કુદેવ-કુગુરુ-કુધર્મના સેવનનું ભૂત વળગ્યું છે કે કોઈપણ જાતની વિવેકબુદ્ધિ વગર ગાંડાની માફક ગમે તે ક્રિયામાં ધર્મ મનાવી રહ્યા છે. અરે, જ્યાં તીર્થંકર ભગવાનના માર્ગની માફક ગમે તે ક્રિયામાં ધર્મ મનાવી રહ્યા છે. અરે, જ્યાં તીર્થંકર ભગવાનના માર્ગની ધમધોકાર પ્રરૂપણા ચાલે છે એવા જગતમાં પણ ધર્મના નામે લાખો લોકોને ગૃહીત-મિથ્યાત્વનું જે ભૂત વળેગલું દેખાય છે. ત્યારે એમ થાય છે કે અરેરે ! આ જીવો મનુષ્યપણું તો પામ્યા પણ એમને પંચપરમેષ્ઠી ભગવાનનું નામ પણ સાંભળવા ન મળ્યું.... ગૃહીતમિથ્યાત્વના ભૂતે એમને ભરમાવ્યા. ધન્ય છે જગતમાં પંચપરમેષ્ઠી ભગવંતો—કે જેમની ભક્તિરૂપ મંત્રના પ્રભાવે ગૃહીતમિથ્યાત્વનું ભૂત આત્માની પાસે પણ આવી શકતું નથી.

વ્હાલા સાધર્મી બંધુઓ ! જગતમાં અનેકવિધ કુધર્મો તો સદાય રહેવાના જ છે. કેમકે નરકાદિ ગતિ પણ સદાય ભરેલી જ રહેવાની છે, આપણે એવા કુધર્મો સાથે કાંઈ નીસ્બત નથી. પરંતુ કુધર્મના દરિયાની વચ્ચે પણ આપણને ભવસમુદ્રથી તારીને આત્માનો આનંદ દેનારા જે "ત્રણ રત્નો" મળ્યા છે—તે જગતમાં સર્વશ્રેષ્ઠ છે. આપણને મળેલા એ વીતરાગી રત્નોને આપણે ઓળખીએ... જીવની જેમ એનું જતન કરીએ, ને એમના જેવું આપણું જીવન બનાવીએ... તે માટે જરાય પ્રમાદી ન થઈએ, ને પરમ બહુમાનપૂર્વક આ સાચા ત્રણ રત્નને સેવીએ... એવી ભાવનાથી અહીં પ્રાસંગિક ઉલ્લેખ કર્યો છે. આપણા વીતરાગી અર્હન્તદેવ, આપણા વીતરાગી નિર્ગ્રંથ ગુરુઓ અને આપણા વીતરાગીશાસ્ત્રો એ જગતમાં સર્વશ્રેષ્ઠ, સત્ય અને આત્મહિત માટે રત્નત્રય દેનારા છે.. તેનું જ સેવન કરો..ને એ સિવાય બીજા માર્ગ તરફ ભૂલેચૂકે જરાય ઝાંખીને પણ ન જુઓ.

જયવંત વર્તો એ 'ત્રણ રત્નો'... કે જે "ત્રણરત્નના દાતાર' છે.

દેવ-શાસ્ત્ર-ગુરુ રતન શુભ તીન રતન કરતાર.



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—શું વ્યવહારનય સર્વથા નિષેધ છે?

ઉત્તર :—વ્યવહારનય સર્વથા નિષેધ કરવા યોગ્ય નથી એટલે કે સાધક જીવને અપૂર્ણદશા વર્તતી હોય ત્યારે ભૂમિકા યોગ્ય દયા-દાન-પૂજા-ભક્તિ-યાત્રા-વ્રત-તપ આદિના શુભરાગરૂપ વ્યવહાર આવે છે, હોય છે; આવ્યા વિના રહેતો નથી; તેને તે તે કાળે તે તે ભૂમિકામાં જાણવા યોગ્ય છે, જાણવો પ્રયોજનવાન છે, નિષેધવા યોગ્ય નથી, એટલે કે આદરવા યોગ્ય છે એમ નહિ પણ તે તે ભૂમિકા પ્રમાણે આવતા રાગને જાણવા યોગ્ય છે.

પ્રશ્ન :—વ્યવહારનો નિષેધ કરવાથી જીવ અશુભમાં ચાલ્યો જશે.

ઉત્તર :—અરે ભાઈ! જે શુભરાગરૂપ વ્યવહારમાં આવ્યો છે તે અશુભને છોડીને તો આવ્યો છે, હવે તેને સ્વનો—નિશ્ચયનો આશ્રય કરાવવા માટે વ્યવહારનો નિષેધ કરાવે છે ત્યાં અશુભમાં જવાની વાત જ ક્યાં છે?

પ્રશ્ન :—શું વ્યવહારરત્નત્રય મોક્ષનું વાસ્તવિક કારણ નથી?

ઉત્તર :—જે મોક્ષનું કહેવામાત્ર—કથનમાત્ર કારણ છે એવો વ્યવહારરત્નત્રય તો ભવસાગરમાં ડૂબેલા જીવોએ પૂર્વે ભવભવમાં સાંભળ્યો છે અને કર્યો પણ છે. દયા-દાન-ભક્તિ-વ્રત-તપ આદિ શુભરાગનો વ્યવહાર તો ભવસાગરમાં ડૂબેલા જીવોએ અનંવાર સાંભળ્યો છે અને આચર્યો છે પણ તે વ્યવહારત્નત્રય કાંઈક કથનમાત્ર મોક્ષનું કારણ છે પરંતુ ખરેખર તો તે બંધનું જ કારણ છે. જે રાગ દુઃખરૂપ છે ઝેરરૂપ છે તે અમૃતરૂપ એવા મોક્ષનું કારણ કેમ હોય? દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ પૂજા, જિનમંદિર બંધાવવા, મોટા ગજરથ કાઢવા આદિ બધું તો ભવભવમાં અનંતવાર કર્યું, શાસ્ત્રનું અગિયાર અંગનું જ્ઞાન, નવતત્ત્વની ભેદરૂપ શ્રદ્ધા અને વ્રત-તપ આદિનું આચરણ પૂર્વે અનંતવાર સાંભળ્યું છે અને આચર્યું પણ છે પણ અરેરે! ખેદ છે કે જે સર્વથા એક જ્ઞાનસ્વરૂપ છે એવા પરમાત્મતત્ત્વને જીવે કદી સાંભળ્યું નથી, આચર્યું નથી.

પ્રશ્ન :— વ્યવહારનો બહુ નિષેધ કરવા જેવો નથી એમ પંચ–સંગ્રહમાં કહ્યું છે તેનો શું આશય છે?

ઉત્તર :—ભગવાનના દર્શન, પૂજન, ભક્તિ, શાસ્ત્ર-શ્રવણ, સ્વાધ્યાય આદિ

વ્યવહાર હોય છે. એ વ્યવહારના પરિણામ આવે છે. તેનો નિષેધ કરવા જઈશ તો પછી જિનદર્શન શ્રવણ આદિ કાંઈ રહેતું નથી. પર્યાયમાં પંચમહાવ્રત આદિના પરિણામનો વ્યવહાર હોય છે. નવ દેવના દર્શન ભક્તિ આદિનો વ્યવહાર હોય છે. તેને માને જ નહિ તો તે મિથ્યાદૃષ્ટિ છે અને તે વ્યવહારથી ધર્મ થાય તેમ માને તોપણ તે મિથ્યાદૃષ્ટિ છે. પર્યાય છે અને પર્યાયમાં અનેક પ્રકારના શુભરાગનો વ્યવહાર છે તેને માને જ નહિ તો મિથ્યાદૃષ્ટિ છે. તીર્થંકર ભગવાનના કલ્યાણકોમાં ઇન્દ્રાદિ દેવો કરોડો દેવોની સેના સહિત દર્શન પૂજન આદિ માટે આવે છે. ભલે તે વ્યવહાર છે તો હેય, પણ તે ભાવ આવે છે, આવ્યા વિના રહેતો નથી. તે જાણવા યોગ્ય છે, તેને યથાવત્ જાણે જ નહિ તો મિથ્યાદૃષ્ટિ છે. એક બાજુ કહે કે નિર્મળ ક્ષાયિક પર્યાયનું પણ લક્ષ કરે તો રાગ થાય છે. તેથી તે નિર્મળ પર્યાયને પણ પરદ્રવ્ય કહીને હેય કહી અને બીજી બાજુ શુભરાગનો વ્યવહાર આવે છે, હોય છે, તેને જાણે નહિ—માને નહિ તો તે મિથ્યાદૃષ્ટિ છે. દેવ-શાસ્ત્ર-ગુરુ એ વ્યવહારનયનો વિષય છે, તેને જાણવો તો જોઈએ. ભલે તે આશ્રય યોગ્ય નથી પણ જાણવા યોગ્ય તો બરાબર છે, વ્યવહાર છે તેમ નહિ જાણે તો મિથ્યાદૃષ્ટિ થઈ જશે. જૈનધર્મ અનેકાન્ત છે, તે બરાબર સમજવા જેવો છે, તે નહિ સમજે તો એકાન્ત થઈ જશે.

**પ્રશ્ન :—આગમનો વ્યવહાર અને અધ્યાત્મનો વ્યવહાર એટલે શું ?**

ઉત્તર :—સ્વરૂપની દૃષ્ટિ થતાં જે શુદ્ધ પરિણમન થાય તે અધ્યાત્મનો વ્યવહાર છે અને મહાવ્રત, ત્રણ ગુપ્તિ આદિ શુભરાગ તે આગમનો આધાર છે.

**પ્રશ્ન :—આગમનો નિશ્ચય વ્યવહાર અને અધ્યાત્મનો નિશ્ચય વ્યવહાર એટલે શું ?**

ઉત્તર :—અધ્યાત્મમાં શુદ્ધ દ્રવ્યને નિશ્ચય કહે છે અને શુદ્ધ પરિણતિને વ્યવહાર કહે છે. આગમમાં શુદ્ધ પરિણતિને નિશ્ચય કહે છે અને તેની સાથે વર્તતા શુભ પરિણામને વ્યવહાર કહે છે.

**પ્રશ્ન :—નિશ્ચય તે મુખ્ય છે કે મુખ્ય તે નિશ્ચય છે ?**

ઉત્તર :—મુખ્ય છે તે જ નિશ્ચય છે. જો નિશ્ચય તે મુખ્ય હોય તો પર્યાય પણ નિશ્ચય છે તેથી પર્યાય પણ મુખ્ય થઈ જાય, પણ તેમ નથી. મુખ્ય તે જ નિશ્ચય છે અને ગૌણ તે વ્યવહાર છે. (સ્વામિકાર્તિકમાં આ વિષયનો ખુલાસો ઘણો કર્યો છે.) શ્રદ્ધામાં ત્રિકાળી સ્વ-વસ્તુ એક જ મુખ્ય છે.



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

મુમુક્ષુ :—પોતે જે ભૂમિકામાં હોય તે પ્રમાણે કરે?

બહેનશ્રી :—પોતાની ભૂમિકા પ્રમાણે પુરુષાર્થ કરી શકાય; માટે તેવો પુરુષાર્થ કરી અંતરમાં સ્થિર થવું, આકુળતા ન કરવી. મુનિરાજ તો ઉગ્ર ધ્યાન કરે છે, પણ દરેકે પોત-પોતાની હદ પ્રમાણે સમજી લેવું. સમ્યગ્દષ્ટિ પણ આત્માનું ધ્યાન કરે છે; પરંતુ મુનિની ભૂમિકા જુદી છે. જિજ્ઞાસુએ પોતાની ભૂમિકા પ્રમાણે કરવું, સંયોગથી પોતે ન્યારો થઈ વિચાર કરે કે આ બધું મારું સ્વરૂપ નથી, આ બધો ઉદય છે. હું તેનાથી જુદો છું. કોઈનો દોષ નથી, મારા પોતાના ઉદયને લઈને પ્રતિકૂળતા આવી છે; માટે શાંતિ રાખવી.

***પ્રશ્ન :***—પૂજ્ય ગુરુદેવના વચનામૃતમાં 'ૐ સહજ ચિદાનંદ' આવે છે, તો તેમાં શું કહેવું છે?

**સમાધાન** :—ૐ એ ભગવાનની વાણી છે. ૐ ધ્વનિ નિરક્ષરી હોય છે. જિનવાણીનો ગુરુદેવને બહુ પ્રેમ હતો એટલે તેમને "ૐ સહજ ચિદાનંદ" એમ આવતું. સહજ ચિત્ સ્વરૂપ, આનંદસ્વરૂપ આત્મા છે. સહજ ચિદાનંદ એવા આત્માને તું ઓળખ. તે શેનાથી ઓળખાય? આ ૐથી ઓળખાય છે – ભગવાનની વાણીથી આત્મા ઓળખાય છે. ગુરુદેવને ૐનો ભાસ પણ થયો હતો.

મુમુક્ષુઃ—સહજ ચિદાનંદ આત્મા ૐકાર ધ્વનિ દ્વારા ઓળખાય?

બહેનશ્રીઃ—આત્મા સહજ ચિદાનંદ છે તે ૐકાર ધ્વનિ દ્વારા ઓળખાય છે. ભગવાન આત્મા સહજ ચિદાનંદ છે તેને ભગવાનની વાણી ઓળખાવે છે. એવો ઉપાદાન–નિમિત્તનો સંબંધ છે. ૐને ઓળખે તે આત્માને ઓળખે. ૐકાર દ્વારા બધું ઓળખાય છે. અનાદિકાળથી જીવ પરિભ્રમણ કરે છે. તેમાં ભગવાન સાક્ષાત્ મળે, ભગવાનની વાણી મળે અથવા ગુરુની વાણી મળે ત્યારે આત્માને ઓળખે. આવો ઉપાદાન–નિમિત્તનો સંબંધ છે અર્થાત્ એવો વાણી સાથે નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે. ગુરુદેવને જિનવાણીનો કોઈ જુદી જ જાતનો પ્રેમ હતો. તેમને અંદરથી સહજ શ્રુતનો પ્રેમ હતો.

મુમુક્ષુઃ—ગુરુદેવ પૂર્વે સાંભળીને આવ્યા હતા ને?

બહેનશ્રીઃ—હા, પોતે પૂર્વે સાંભળીને આવ્યા હતા. એક અભીક્ષ્ણ જ્ઞાન ઉપયોગ (શાસ્ત્રમાં) આવે છે, એવું શ્રુતનું જ્ઞાન ગુરુદેવને અંતરમાંથી આવતું હતું. તેમને જિનવાણીનું એટલું બહુમાન હતું કે વાણીનો અર્થ કરતાં થાકતા જ ન હતા, શાસ્ત્રોના અર્થો તેઓશ્રીની વાણીમાં એકધારાએ નીકળ્યા કરતા હતા. વ્યાખ્યાન આપે ત્યારે એક શબ્દમાં આખું બ્રહ્માંડ ખડું કરતા હતા. ૐકારનું બહુમાન સહેજે હતું. જિનવર તે જીવ અને જીવ તે જિનવર એમ વારે વારે સહેજે તેમના હૃદયમાંથી આવતું હતું. તેમનું દ્રવ્ય જ એવું હતું એટલે સહેજે આવું આવતું હતું. તેઓ બધાને 'ૐ' લખી દેતા. કોઈને 'ૐ સહજ ચિદાનંદ' પણ લખી દેતા.

***પ્રશ્ન*** **:—તીર્થંકરની સભામાં લાખો-કરોડો જીવ હોય પણ તેમાં તીર્થંકરનો જીવ તો કોઈક જ હોય ને?**

**સમાધાન** :—સમવસરણ—સભામાં તીર્થંકરનો જીવ તો કોઈક હોય, બધા શ્રોતા તીર્થંકરનો જીવ થોડા હોય? હંમેશાં તીર્થંકર ભગવાન તો અમુક જ થાય. શ્રોતા ઘણા હોય, પણ તેમાં તીર્થંકર થનારા કોઈ કોઈ હોય. તીર્થંકરનો જીવ અણમૂલું દ્રવ્ય છે. તેઓ માર્ગ પ્રકાશનારા છે. તેમની વાણી દ્વારા લાખો-કરોડો જીવો માર્ગ પામે છે. જગતમાં સર્વોત્કૃષ્ટ હોય તો તીર્થંકર ભગવાન જ છે. એવા સર્વોત્કૃષ્ટ જીવ કોઈક જ હોય ને? ઈન્દ્ર પણ દેવલોક છોડીને ભગવાનના ચરણમાં આવે છે અને મહિમા કરે છે કે અમને પુણ્યની મહિમા નથી, તમારી મહિમા છે. ભગવાન તો પુણ્ય અને પવિત્રતા—બંનેમાં સર્વોત્કૃષ્ટ છે. તેમની આગળ બધું ઝાંખું છે. આખા લોકની અંદર સર્વોત્કૃષ્ટ હોય તો તીર્થંકર ભગવાન છે, માટે એવા દ્રવ્ય થોડા હોય છે. તેમની વાણી એવી હોય છે કે તે સાંભળતાં કેટલાય જીવો માર્ગ પામી જાય. તેમના અતિશયો જુદા હોય છે, તેમના દર્શનમાત્રથી જીવોના ભાવ પલટાઈ જાય છે.

ગૌતમસ્વામીએ માનસ્તંભ દેખ્યો ત્યાં તેમનું માન ગળી ગયું. ભગવાનની અતિશયતા ચારે બાજુ પથરાયેલી હોય છે. માન ગળ્યું તેમાં માનસ્તંભ કારણ નથી, ભગવાન કારણ છે. ભગવાનનો અતિશય ચારે બાજુ હોય છે. આ માનસ્તંભ આવો છે તો ભગવાન કેવા હશે! એમ આશ્ચર્ય થતાં જ ત્યાં ને ત્યાં માન ગળી ગયું ને બધા આગ્રહો છૂટી ગયા. પ્રથમ અંદરમાં એટલા આગ્રહ હતા કે મારા જેવું કોઈ નથી, હું તો સર્વજ્ઞ છું — એટલું અંદર અભિમાન હતું પણ માનસ્તંભ દેખીને એકદમ માન ગળી ગયું ને ત્યાંથી

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૮ ઉપર)

## બાળ વિભાગ

### નિઃશંકિત—અંગમાં પ્રસિદ્ધ

# અંજનચોરની કથા

અંજનચોર ! તે કાંઈ મૂળથી ચોર ન હતો; તે તો તે જ ભવે મોક્ષ પામનાર એક રાજકુમાર હતો. એનું નામ લલિતકુમાર. અત્યારે તો તે નિરંજન ભગવાન છે, પણ લોકો એને અંજનચોર તરીકે ઓળખે છે.

તે રાજકુમાર લલિતને દુરાચારી જાણીને રાજ્યમાંથી કાઢી મૂક્યો હતો. તેણે એક એવું અંજન સિદ્ધ કર્યું હતું કે જે આંજવાથી પોતે અદૃશ્ય થઈ જાય; તે અંજનને લીધે તેને ચોરી કરવાનું સહેલું થઈ ગયું અને તે અંજનચોર તરીકે પ્રસિદ્ધ થયો. ચોરી ઉપરાંત જુગાર અને વેશ્યાગમન જેવા મહાન પાપ પણ તે કરતો હતો.

એક વાર તેની પ્રેમિકા સ્ત્રીએ રાણીનો સુંદર રત્નહાર દેખ્યો અને તેને એ હાર પહેરવાનું મન થયું. જ્યારે અંજનચોર તેની પાસે આવ્યો ત્યારે તેને કહ્યું કે જો તમને મારા ઉપર સાચો પ્રેમ હોય તો તે રત્નહાર મને લાવી આપો.



અંજન કહે—દેવી ! મારે માટે તો તે રમત વાત છે. એમ કહીને તે તો ચૌદસની અંધારી રાતે રાજમહેલમાં ઘૂસ્યો ને રાણીના ગળામાંથી હાર ઝૂંટવીને ભાગ્યો.

રાણીનો અમૂલ્ય રત્નહાર ચોરાઈ જવાથી ચારેકોર હાહાકાર થઈ ગયો. સિપાઈઓ દોડ્યા; તેમને ચોર તો દેખાતો ન હતો પણ તેના હાથમાં રહેલો હાર અંધારામાં ઝગમગતો હતો; તે દેખીને સિપાઈઓએ તેનો પીછો પકડ્યો. પકડાઈ જવાની બીકે હાર દૂર ફેંકીને અંજનચોર ભાગ્યો...ને સ્મશાનમાં જઈ પહોંચ્યો. એક ઝાડ નીચે થાક ખાવા ઊભો, ત્યાં તો તેણે એક આશ્ચર્યકારી ઘટના દેખી.

ઝાડ ઉપર એક શીકું ટાંગીને એક માણસ તેમાં ચડ—ઉતર કરતો હતો ને કંઈક બોલતો હતો. કોણ છે એ માણસ ? ને આવી અંધારી રાતે અહીં શું કરે છે ?

(વાંચક! ચાલો, આપણે અંજનચોરને થોડીવાર ઊભો રાખીને તે અજાણ્યા માણસને ઓળખી લઈએ.)

અમિતપ્રભ અને વિદ્યુત્પ્રભ નામના બે દેવ પૂર્વભવના મિત્રો હતા. અમિતપ્રભ તો જૈનધર્મનો ભક્ત હતો ને વિદ્યુત્પ્રભ હજી કુધર્મમાં માનતો હતો. એક વખત તેઓ ધર્મની પરીક્ષા માટે નીકળ્યા. એક અજ્ઞાની તાપસને તપ કરતો દેખીને તેની પરીક્ષા કરવા કહ્યું : અરે બાવાજી! પુત્ર વિના સદ્ગતિ થાય નહીં—એમ શાસ્ત્રમાં કહ્યું છે. આ સાંભળી તે તાપસ તો તે ખોટાધર્મની શ્રદ્ધાથી વૈરાગ્ય છોડીને સંસાર ભોગવવા લાગ્યો; આ દેખીને વિદ્યુત્પ્રભને તે કુગુરુની શ્રદ્ધા છૂટી ગઈ.

પછી તેણે કહ્યું કે હવે જૈનગુરુની પરીક્ષા કરીએ! ત્યારે અમિતપ્રભે તેને કહ્યું—મિત્ર! જૈનસાધુઓ પરમ વીતરાગ હોય છે; એની તો શી વાત!! એની પરીક્ષા તો દૂર રહો—પરંતુ આ જિનદત્ત નામના એક શ્રાવક સામાયિકની પ્રતિજ્ઞા કરીને અંધારી રાતે આ સ્મશાનમાં એકલા ધ્યાન કરી રહ્યા છે, તેની તમે પરીક્ષા કરો.



તે દેવે અનેક પ્રકારે ભયાનક ઉપદ્રવ કર્યો પણ જિનદત્ત શેઠ તો પોતાની સામાયિકમાં પર્વતની જેમ અડગ જ રહ્યા; પોતાના આત્માની શાંતિમાંથી તેઓ જરાપણ ન ડગ્યા. અનેક પ્રકારના ભોગવિલાસ બતાવ્યા, તેમાં પણ તેઓ ન લલચાયા. એક જૈનશ્રાવકમાં પણ આવી દૃઢતા દેખીને તે દેવ ઘણો પ્રસન્ન થયો. પછી શેઠે તેને જૈનધર્મનો મહિમા સમજાવ્યો કે દેહથી ભિન્ન આત્મા છે તેના અવલંબને જીવ અપૂર્વ શાંતિ અનુભવે છે ને તેના જ અવલંબને તે મુક્તિ પામે છે. આથી તે દેવને પણ જૈનધર્મની શ્રદ્ધા થઈ. શેઠનો ઉપકાર માનીને, તેને આકાશગામિની વિદ્યા આપી.

તે આકાશગામિની વિદ્યાવડે જિનદત્તશેઠ દરરોજ મેરુતીર્થ પર જતા અને ત્યાં અદ્ભુત રત્નમય જિનબિંબના તથા ચારણ ઋદ્ધિધારી મુનિવરોનાં દર્શન કરતા; આથી તેમને ઘણો જ આનંદ થતો.

એકવાર સોમદત્ત નામના માળીના પૂછવાથી શેઠે તેને આકાશગામિની વિદ્યાની વાત કરી અને રત્નમય જિનબિંબનાં ઘણાં વખાણ કર્યાં. તે સાંભળીને માળીને પણ તેનાં દર્શન કરવાની ભાવના જાગી અને પોતાને આકાશગામિની વિદ્યા શીખવવા કહ્યું. શેઠે તેને તે વિદ્યા સાધવાનું શીખવ્યું. તે પ્રમાણે અંધારી ચૌદશની રાતે સ્મશાનમાં જઈને તેણે ઝાડ સાથે શીકું લટકાવ્યું અને નીચે જમીન પર તીક્ષ્ણ અણીદાર ભાલાં ખોડ્યા. હવે આકાશગામિની વિદ્યાને સાધવા માટે શિકામાં બેસીને પંચ નમસ્કારમંત્ર વગેરે મંત્ર બોલીને તેણે શીકાની દોરી કાપી નાંખવાની હતી. પણ નીચે ભાલાં દેખીને તેને બીક લાગતી હતી, ને મંત્રમાં શંકા પડતી હતી કે કદાચ મંત્ર સાચો ન પડે ને હું નીચે પડું તો મારું શરીર ભાલાથી વીંધાઈ જાય ! આમ, શંકાને લીધે તે નીચે ઊતરી જતો; ને વળી પાછો એમ વિચાર આવતો કે શેઠે કહ્યું તે સાચું હશે ! એમ વિચારીને પાછો શીકામાં બેસતો. આમ વારંવાર તે શીકામાં ચડઉતર કરતો હતો; પણ તે નિઃશંક થઈને તે દોરી કાપી શકતો ન હતો. ( જેમ ચૈતન્યભાવની નિઃશંકતા વગર શુદ્ધ-અશુદ્ધના વિકલ્પો વચ્ચે ઝૂલતો જીવ નિર્વિકલ્પ અનુભવરૂપ આત્મવિદ્યાને સાધી શકતો નથી, તેમ મંત્રનાં સંદેહમાં ઝૂલી રહેલો તે માળી મંત્રને સાધી શકતો ન હતો.)

એવામાં અંજનચોર ભાગતો ભાગતો ત્યાં આવી પહોંચ્યો અને માળીને આવી વિચિત્રક્રિયા કરતો દેખીને તેણે પૂછ્યું–'એલા ભાઈ ! આવી અંધારી રાતે આ તમે શું કરો છો ? સોમદત્ત માળીએ તેને બધી વાત કરી. તે સાંભળતાવેંત તેને મંત્ર પર પરમ વિશ્વાસ બેસી ગયો અને કહ્યું કે લાવો ! હું એ મંત્ર સાધું. એમ કહીને શ્રદ્ધાપૂર્વક મંત્ર બોલીને તેણે નિઃશંકપણે શીકાની દોરી કાપી નાંખી.....આશ્ચર્ય ! નીચે પડવાને બદલે વચમાં જ



દેવીઓએ તેને ઝીલી લીધો અને કહ્યું કે મંત્ર પર તમારી નિઃશંક શ્રદ્ધાને લીધે તમને આકાશગામિની વિદ્યા સિદ્ધ થઈ છે હવે આકાશમાર્ગે તમે જ્યાં જવું હોય ત્યાં જઈ શકો છો.

અંજન તો હવે ચોર મટીને જૈનધર્મનો ભક્ત બન્યો. તેણે કહ્યું કે જિનદત્તશેઠના પ્રતાપે મને આ વિદ્યા મળી છે, તેથી તેઓ જે ભગવાનના દર્શન કરવા જાય છે તે ભગવાનનાં દર્શન કરવાની મારી ઈચ્છા છે ને ત્યાં જઈને તેઓ શું કરે છે તે જોવાની મારી ઈચ્છા છે.

(બંધુઓ, અહીં એક વાત ખાસ લક્ષમાં લેવા જેવી છે કે અંજનચોરને આકાશગામિની વિદ્યા સિદ્ધ થઈ ત્યારે તેને ચોરીના ધંધા માટે તે વિદ્યાનો ઉપયોગ કરવાની દુર્બુદ્ધિ ન જાગી પણ જિનબિંબના દર્શન વગેરે ધર્મકાર્યમાં જ તેનો ઉપયોગ કરવાની સદ્બુદ્ધિ તેને સૂઝી...એ જ તેના પરિણામનો પલટો સૂચવે છે, અને આવી ધર્મરુચિના બળે આગળ વધીને તે સમ્યગ્દર્શનાદિ પામે છે. તે હવે આપ જોશો.)



વિદ્યા સિદ્ધ થતાં અંજને વિચાર્યું કે અહા! જે જૈનધર્મના એક નાનકડા મંત્રથી મારા જેવા ચોરને પણ આવી વિદ્યા સિદ્ધ થઈ તો તે જૈનધર્મ કેવો મહાન હશે! તેનું સ્વરૂપ કેટલું પવિત્ર હશે! ચાલ, જે શેઠના પ્રતાપે મને આ વિદ્યા મળી તે જ શેઠ પાસે જઈને હું તે ધર્મનું સ્વરૂપ સમજું અને તેમની પાસેથી એવો મંત્ર શીખું કે જેનાથી મોક્ષની પ્રાપ્તિ થાય—આમ વિચારી વિદ્યાના બળે તે મેરુપર્વત પર પહોંચ્યો.

ત્યાં રત્નોના અદ્ભુત અરિહંતભગવંતોની વીતરાગતા દેખીને તે ઘણો પ્રસન્ન થયો. જિનદત્તશેઠ તે વખતે મુનિવરોનો ઉપદેશ સાંભળી રહ્યા હતા. અંજને તેમનો ઘણો ઉપકાર માન્યો. મુનિરાજનો ઉપદેશ સાંભળીને શુદ્ધાત્માનું સ્વરૂપ સમજી, તેની નિઃશંકશ્રદ્ધાપૂર્વક નિર્વિકલ્પ અનુભવ કરીને તે સમ્યગ્દર્શન પામ્યો. એટલું જ નહીં, પૂર્વના પાપોનો પશ્ચાત્તાપ કરીને તેણે મુનિરાજ પાસે દીક્ષા લીધી; સાધુ થઈને આત્મધ્યાન કરતાં કરતાં તેણે કેવળજ્ઞાન પ્રગટ કર્યું ને છેવટે કૈલાસગિરિપરથી મોક્ષ પામીને તેઓ સિદ્ધ થયા... 'અંજન'માંથી તેઓ 'નિરંજન' બની ગયા. તેમને નમસ્કાર હો.

(આ કથા, જૈનધર્મની નિઃશંક શ્રદ્ધા કરીને તેની આરાધના કરવાનું આપણને શીખવે છે.)

## (૮૨)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન

(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર ''મ'' થી શરૂ થશે.)

(૧) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ શું છે ? ............

(૨) ૧૯માં તીર્થંકર ભગવાન કોણ હતા ? ............

(૩) જ્યંથી ૯૯ કરોડ મુનિઓ મોક્ષ ગયા છે તે સ્થાન ............

(૪) જેમાં મન-ઈન્દ્રિયનું અવલંબન છે તે જ્ઞાન ............

(૫) અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ એ પાંચ ............

(૬) નવ તત્ત્વ સંબંધી ભૂલમાં અતીન્દ્રિય સુખને નહી માનતા ઈન્દ્રિય આદિમાં સુખની કલ્પના કરવી તે ક્યા તત્ત્વ સંબંધી ભૂલ ............

(૭) ભક્તામર સ્તોત્રનાં રચયિતા આચાર્યદેવ ............

(૮) જિનદર્શન કથામાં પ્રસિદ્ધ ............

(૯) આત્મા શુદ્ધ સ્વભાવી હોવા છતાં વર્તમાન એક સમયની અવસ્થામાં શું છે ? ............

(૧૦) તીર્થંકર ભગવાનનો જન્મ અભિષેક થાય છે તે સ્થળ ............

(૧૧) કર્મ બંધનાં પાંચ કારણોમાંથી મુખ્ય કારણ ............

(૧૨) આહારના છ પ્રકાર પૈકી એક પ્રકાર ............

(૧૩) અરિહંત ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે તેનો શું ક્ષય થાય છે ?............

(૧૪) દશધર્મ પૈકી આઠ પ્રકારનાં મદમાંથી કોઈપણ અભિમાન ન થવું તે ધર્મ.........

(૧૫) ભરત-બાહુબલી વચ્ચે થયેલ યુદ્ધનું નામ ............

(૧૬) કેવળીનો એક પ્રકાર ............

(૧૭) સમવસરણની ચારેય દિશામાં જિન પ્રતિમા સમન્વિત સ્તંભ કે જેના દર્શનથી અભિમાન રહિત થઈ જાય તે ............

(૧૮) સમ્યગ્દર્શનનાં ૨૫ દોષ પૈકી એક દોષ ............

(૧૯) ઋષભદેવ ભગવાનનાં પૌત્ર જે અંતિમ તીર્થંકર થયા તે ............

(૨૦) ઈન્દ્રિય વિષય ગ્રહણની આકુળતાનું દુઃખ કોના કરતા પણ વિશેષ છે ?.........

## (૮૨)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

ખાલી જગ્યા યોગ્ય પૂર્ણ કરો.

(૧) અંજનાસતીને ગુફામાં ................ નામના મુનિરાજ મળ્યા હતા.

(૨) હનુમાનનો જન્મોત્સવ .................... દ્વીપમાં થયો હતો.

(૩) ભગવાન રામનું બીજું નામ ..................... હતું.

(૪) પદ્મપુરાણનો અનુવાદ પંડિત .................... એ કર્યો હતો.

(૫) ભરતક્ષેત્રમાં રુદ્રની સંખ્યા ................. હોય છે.

(૬) .................... તથા .................. ભગવાનનો જન્મ મિથિલાપુરમાં થયો હતો.

(૭) માટીનું ઘડારૂપે પરિણમન થવામાં ................ સામાન્યગુણ નિમિત્ત છે.

(૮) વસ્તુના સ્વરૂપમાં સર્વથા નિત્ય અર્થાત્ સર્વથા અનિત્ય માનવું તે .............. મિથ્યાત્વ છે.

(૯) ............. કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ સિત્તેર ક્રોડાક્રોડી સાગરની હોય છે.

(૧૦) જે લક્ષણ લક્ષ્યમાં હોય અને અલક્ષ્યમાં પણ હોય તેને .................. દોષ કહે છે.

(૧૧) અભવી જીવને સંસારમાં રહેવાનો કાળ .................. હોય છે.

(૧૨) ૧૦માં ગુણસ્થાન સુધી મુનિરાજને .................. આસ્રવ હોય છે.

(૧૩) મુનિરાજના મલિન શરીરને દેખીને ગ્લાની ન કરવી તેને ................... ગુણ કહે છે.

(૧૪) શરીરાદિકની રચનામાં જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને ................. કહે છે.

(૧૫) સિદ્ધ ભગવાનને ગોત્રકર્મના અભાવમાં .................. ગુણ પ્રગટ થાય છે.

(૧૬) ૧૦ અને ૧૧ પ્રતિમાના ધારકને ................ શ્રાવક કહેવાય છે.

(૧૭) અનુકૂળતા જેનું લક્ષણ છે તેને ..................... શક્તિ કહે છે.

(૧૮) સમયસારની ૪૯મી ગાથાના ....................... ૬ બોલ છે.

(૧૯) મુનિરાજ ................ અંતરાય અને ............... દોષ ટાળી આહાર ગ્રહણ કરે છે.

(૨૦) દસમાં ગુણસ્થાનનું નામ ....................... છે.

Jun 15

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

**સુવર્ણપુરી સમાચાર :—**

| | | |
|---|---|---|
| પ્રાત : ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી સમયસાર ઉપર (૧૭મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| રાત્રે ૭-૪૫ થી ૮-૪૫ | : | શ્રી નાટક સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |

## પ્રૌઢ માટે આપેલ પ્રશ્ન
## એપ્રિલ – ૨૦૨૦ના ઉત્તર

| | | | |
|---|---|---|---|
| (૧) મોક્ષમાર્ગ | (૬) ઉપયોગ | (૧૧) જીવ | (૧૬) નિર્મળતા |
| (૨) પુરુષાર્થ | (૭) ગૃહિત | (૧૨) ઉપયોગ | (૧૭) ચારિત્ર |
| (૩) મોક્ષ | (૮) જ્ઞાની | (૧૩) અતિચાર | (૧૮) અનંતાનુબંધી |
| (૪) જ્ઞાયક | (૯) કેવળજ્ઞાન | (૧૪) અવસ્થા | (૧૯) કર્તા |
| (૫) કષાય | (૧૦) અચંબો | (૧૫) અવાંતર સત્તા | (૨૦) શુદ્ધ |

## બાળકો માટેના આપેલ પ્રશ્ન
## એપ્રિલ – ૨૦૨૦ના ઉત્તર

| | | |
|---|---|---|
| (૧) ઉમરાળા | (૮) નિકટભવી | (૧૪) સાદિ અનંત |
| (૨) મોતીચંદભાઈ | (૯) ચોથા | (૧૫) સાદિ સાંત |
| (૩) પાલેજ | (૧૦) અધ્યાત્મયુગસ્રષ્ટા | (૧૬) આચાર્યદેવ |
| (૪) ચૈત્ર સુદ - ૧૩ | (૧૧) શિવરમણી રમનાર તું | (૧૭) ઉપાધ્યાય |
| (૫) ભગત | | (૧૮) પ્રદેશત્વ |
| (૬) અનંત | (૧૨) સીમંધર | (૧૯) મોક્ષ |
| (૭) શ્રુતની લબ્ધિ | (૧૩) જૈન | (૨૦) પ્રમેયત્વ |

## વૈરાગ્ય સમાચાર :–

* સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના ઉપપ્રમુખ ડૉ. પ્રવીણભાઈ દોશીનાં ધર્મપત્ની ડૉ. તરલીકાબેન (ઉ.વ. ૯૧) તા. ૨૬-૦૧-૨૦૨૦ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓ ખૂબ જ ધાર્મિક વૃત્તિ ધરાવતા હતાં અને મંદિરમાં સક્રિય ભાગ લેતા હતા. તેઓ અવારનવાર સોનગઢ લાભ લેવા પણ આવતાં હતાં.
* વીંછીયા નિવાસી (હાલ-ઘાટકોપર) શ્રી રસિકલાલ હરિલાલ ધોળકિયા (ઉ.વ. ૮૭) તા. ૯-૨-૨૦૨૦ના રોજ સોનગઢ મુકામે ટૂંકી બિમારીથી દેહ પરિવર્તન કરેલ છે. તેઓ ઘણાં વર્ષો સુધી ઘાટકોપર મંદિરના સેક્રેટરી હતા તેમજ ભજનમંડળીમાં પણ ઘણો ભાગ લેતા હતાં. છેલ્લા ૫-૬ વર્ષોથી તેઓ વધુ વખત સોનગઢ રહેતા હતા અને તેમની ભાવના મુજબ છેલ્લો શ્વાસ પણ સોનગઢ મૂક્યો હતો.
* ધ્રાંગધ્રા નિવાસી (હાલ-સોનગઢ) બ્ર. પુષ્પાબેન છોટાલાલ (ઉ.વ. ૮૮)નું તા. ૧૭-૨-૨૦૨૦ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓ આખી જીંદગી સોનગઢ રહી પૂજ્ય ગુરુદેવશ્રી તથા ભગવતી માતાઓનો ખૂબ લાભ લીધો હતો.
* લાઠી નિવાસી (હાલ-મુંબઈ) શ્રી કાંતિભાઈ રામજીભાઈ મોટાણી (ઉ.વ. ૮૭) તા. ૧૮-૨-૨૦૨૦ના રોજ ટૂંકી માંદગીથી દેહ પરિવર્તન કરેલ છે. તેઓશ્રી ઘણાં વર્ષોથી પૂજ્ય ગુરુદેવશ્રીના સંપર્કમાં આવેલ હતાં. તેઓ મુંબઈ ઝવેરી બજાર મંદિર તથા દેવલાલી ટ્રસ્ટના કાર્યકારી ટ્રસ્ટી હતાં.
* રાજકોટ નિવાસી (હાલ-સોનગઢ) મનુભાઈ ચીમનલાલ શાહ (ઉ.વ. ૯૨)નું તા. ૨૧-૨-૨૦૨૦ના દેહ પરિવર્તન થયેલ છે. તેઓ ઘણાં વર્ષોથી સોનગઢ રહેતા હતાં.
* પાલેજ નિવાસી (હાલ વડોદરા) શ્રી નટવરલાલ કુંવરજીભાઈ શાહ (ઉ.વ. ૮૪) તા. ૨૬-૨-૨૦૨૦ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓ છેલ્લા ૨૦ વર્ષોથી સોનગઢ રહી પૂજ્ય ગુરુદેવશ્રી તથા બહેનશ્રીનો લાભ લેતા હતા. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીનાં કુટુંબીજન હતા.
* મુંબઈ નિવાસી લીલાવંતી પાનાચંદ ડેલીવાળા (ઉ.વ. ૯૫) તા. ૨૯-૨-૨૦૨૦ના દેહ પરિવર્તન થયેલ છે. તેઓ ધાર્મિક રુચિ ધરાવતાં હતાં.
* વિંછીયા નિવાસી (હાલ-મુંબઈ) શ્રી નીતિનકુમાર ચીમનલાલ અજમેરા (જેઓ દેવીબહેનના પતિ) (ઉ.વ. ૬૬) તા. ૧૫-૩-૨૦૨૦ના રોજ ટૂંકી બિમારીથી દેહ પરિવર્તન થયેલ છે. તેઓ કાયમ સોનગઢ આવી લાભ લેતા હતા.
* અમદાવાદ પાલડી મંડળનાં પ્રમુખ શ્રી વિનોદભાઈ ચુનીલાલ દોશીના માતુશ્રી મરઘાબેન ચુનીલાલ દોશી (ઉ.વ. ૯૭) તા. ૧૮-૩-૨૦૨૦ના રોજ દેહ પરિવર્તન કરેલ છે. તેઓએ પૂજ્ય ગુરુદેવશ્રી તથા બહેનશ્રીનો લાભ લીધેલ હતો.
* લીંબડી નિવાસી (હાલ બોરીવલી) શ્રી મહેશભાઈ પોપટલાલ શાહ જેઓ સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી નવીનભાઈ શાહનાં મોટાભાઈ થાય તેમના ધર્મપત્ની સ્મિતાબેન (ઉ.વ. ૬૪) તા. ૨૨-૩-૨૦૨૦ના રોજ દેહ પરિવર્તન કરેલ છે. જેઓ અવારનવાર સોનગઢ આવી ધર્મલાભ લેતા હતા.
* સોનગઢ નિવાસી (હાલ કોલકાતા) શ્રી જાદવજીભાઈ ટીમ્બડિયાના સુપુત્ર અનિલભાઈ (—તેઓ દિલીપભાઈના કાકા) (ઉ.વ. ૮૧)નું દેહ પરિવર્તન તા. ૩૦-૩-૨૦૨૦ના રોજ થયેલ છે.
* સોનગઢનિવાસી બ્ર. સુશીલાબેન જોડિયાવાળા(—તેઓ બ્ર. સુલોચનાબેનનાં મોટા બહેન) (ઉ.વ. ૮૫)નું દેહ પરિવર્તન તા. ૧૪-૪-૨૦૨૦ના રોજ થયેલ છે. તેઓ આખું જીવન સોનગઢમાં રહીને પૂજ્ય ગુરુદેવશ્રી તથા ભગવતી માતાઓનો તત્ત્વજ્ઞાનનો લાભ લીધેલ છે.

* મોરબી નિવાસી (હાલ-સાન્તાક્રુઝ) ધર્મેશ ચંદ્રકાંત મહેતા (-તેઓ પૂર્ણિમાબેન ચંદ્રકાંત મહેતાના પુત્ર) તા. ૧૭-૪-૨૦૨૦ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* સોનગઢ નિવાસી બ્ર. પદ્માબેન કેશવલાલ શાહ (ઉ.વ. ૮૯) તા. ૨૫-૪-૨૦૨૦ના રોજ જલગાંવ મુકામે દેહ પરિવર્તન કરેલ છે. તેઓ ૭૫ વર્ષથી સોનગઢ રહી પૂજ્ય ગુરુદેવશ્રી તથા ભગવતી માતાઓનો ખૂબ લાભ લીધો હતો. જલગાંવ મંદિર બનાવવા માટે તેમણે તીવ્ર ભાવના કરી હતી.
* મુંબઈ નિવાસી નરેન્દ્રકુમાર જગજીવનદાસ જૈન (-તેઓ શ્રી અનુભાઈ શાહ જલગાંવવાળાના બનેવી) (ઉ.વ. ૭૮)નું તા. ૨-૫-૨૦૨૦ના રોજ હાર્ટફેઈલથી દેહ પરિવર્તન થયેલ છે. તેઓ છેલ્લા ૫-૬ વર્ષથી વર્ષમાં ૫-૬ મહિના સોનગઢ રહી લાભ લેતા હતા અને કાયમ સોનગઢ રહેવાની ભાવના હતી.
* વાંકાનેર નિવાસી (હાલ ઘાટકોપર) સોનગઢ ટ્રસ્ટના સેક્રેટરી શ્રી જિતેન્દ્ર વ્રજલાલ શાહના ધર્મપત્ની જ્યોત્સનાબેન (ઉ.વ. ૭૩) તા. ૮-૫-૨૦૨૦ના રોજ પૂર્ણ ધર્મધ્યાન આરાધનાપૂર્વક જાગૃત અવસ્થામાં દેહ પરિવર્તન કરેલ છે.
* દામનગર નિવાસી (હાલ ઘાટકોપર) શ્રી બટુકલાલ રાઘવજી ભાયાણી (ઉ.વ. ૮૪) (જેઓ વિજયભાઈ ભાયાણીના પિતાશ્રી)નું તા. ૧૩-૫-૨૦૨૦ના દેહપરિવર્તન થયેલ છે.
* પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના અનન્ય ભક્ત શ્રી ખીમચંદભાઈ શેઠની સુપુત્રી બા. બ્રહ્મચારી ભાનુબેન (જેઓ ભરતભાઈ શેઠના બહેન) (ઉ.વ. ૮૬) તા. ૨૧-૫-૨૦૨૦ના દેહ પરિવર્તન થયેલ છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ આપેલ તત્ત્વજ્ઞાનના ઘોલનપૂર્વક શુદ્ધાત્મ ભાવના ભાવતા શાંત પરિણામપૂર્વક થયેલ છે.
* જામનગર નિવાસી બ્ર. લલીતાબેન ખેતશીભાઈ શાહ (-તેઓ જામનગર મંડળના સ્થાપક પ્રમુખ ખેતશીભાઈની સુપુત્રી) (ઉ.વ. ૮૫) તેમનું દેહ પરિવર્તન તા. ૨૧-૫-૨૦૨૦ના રોજ થયેલ છે. તેઓ જામનગર મંદિરમાં સક્રિય ભાગ લેતા હતા.
* શ્રી રમેશભાઈ ભોગીલાલ દોશી (-તેઓશ્રી ઘાટકોપર મંદિરના જોઈન્ટ સેક્રેટરી) (ઉ.વ. ૭૪)નું તા. ૨૨-૫-૨૦૨૦ના ટૂંકી બિમારીથી દેહ પરિવર્તન થયેલ છે.
* રાજકોટ નિવાસી સ્વ. વિનોદરાય કાનજીભાઈ કામદારના પુત્રવધૂ અ.સૌ. વીણાબેન(ઉ.વ. ૬૫) (તેઓ મહેશભાઈ કામદારના ધર્મપત્ની) નું તા. ૩૦-૫-૨૦૨૦ના ટૂંકી બિમારીથી દેહપરિવર્તન થયેલ છે.
* જામનગર નિવાસી (હાલ ઘાટકોપર-મુંબઈ) શ્રી કિશોરભાઈ મહેતાના માતુશ્રી ચંપાબેન રવિન્દ્રભાઈ મહેતા (ઉ.વ. ૮૯)નું તા. ૩૧-૫-૨૦૨૦ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* અમદાવાદ નિવાસી વસંતરાય ચુનીલાલ રવાણી (ઉ.વ. ૭૯)નું તા. ૫-૬-૨૦૨૦ના દિને ટૂંકી બિમારીથી દેહ પરિવર્તન થયેલ છે.
* સોનગઢ-અમદાવાદ નિવાસી શ્રી રિતેશભાઈ યોગેશભાઈ દામાણી (ઉ.વ. ૩૫)નું તા. ૧૨-૬-૨૦૨૦ના દેહ પરિવર્તન થયેલ છે.

સ્વર્ગસ્થ આત્માઓ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● સ્ત્રી-પુત્ર-પૈસા-આબરૂ આદિમાં કે રાગની મંદતામાં સુખ છે એમ માને છે તેણે જીવનું મરણ કર્યું છે કે હું પોતે આનંદસ્વરૂપ નથી પણ મારો આનંદ બહારથી મળે છે ! ચૈતન્યપરિણતિથી જીવે તે જીવનું જીવન છે. બાકી બધા ચાલતાં મડદા છે. પામર પર ચીજમાં નજર દોડાવીને સુખી માને છે પણ પ્રભુ તું દુઃખી છો ! જ્યાં આનંદનું ધામ છે, આનંદનો ઢગલો છે, તેને જેણે પ્રતીતિમાં ને જ્ઞાનમાં લીધું તેને જ્ઞાન અને આનંદની પરિણતિ થઈ—એ ખરું જીવન છે. ૪૦૭.

● બહારમાં હોંશું ન કરીશ ભાઈ! એ બધું તો ક્ષણભંગુર છે ને અનંતવાર મળ્યું છે. બહારમાં સર્વસ્વ મનાઈ ગયું છે તે પલટીને અનંતગુણનો પિંડ આત્મા એ મારું સર્વસ્વ છે એમ માન. ભગવાન પૂર્ણાનંદનો નાથ ચૈતન્યની ઝળહળ જ્યોત છે. તેનું પરિણમન થાય તે જીવનું જીવન છે. પુણ્ય-પાપ ને તેના ફળમાં સર્વસ્વ માને છે તે અસાધ્ય—બેશુદ્ધ થઈ ગયો છે. માટે હવે બહારમાં સર્વસ્વ મનાઈ ગયું છે તે પલટીને સ્વમાં સર્વસ્વ માન. ૪૦૮.

● પ્રભુ તારી ચીજ તો નિર્મળ છે. તેથી નિર્મળ પરિણતિથી તને પ્રભુ મળશે. (રાગરૂપ મલિન પરિણતિથી નહીં મળે) રાગ મારો છે ને તેનાથી મને લાભ થશે એમ પકડ રાખી છે પણ ચૈતન્યસ્વરૂપ આત્માની પકડ કર તો સંસારરૂપી મગરમચ્છના મુખમાંથી છૂટી શકીશ. પ્રભુ ! તારામાં તાકાત છે. તું પરથી ભિન્ન પડી શકે છે. મગર તો કદાચિત્ ન છોડે પણ તું પરથી ભેદજ્ઞાન કરીને સંસારરૂપી મગરના મુખમાંથી છૂટી શકે તેમ છો. માટે પરથી ભિન્ન પડીને તારા આત્માને પકડ. ૪૦૯.

● રાગી છું કે રાગી નથી એવા નયોથી અતિક્રાંત વસ્તુ છે. વ્રત-તપાદિનો રાગ એ તો સ્થૂળ રાગ છે પણ રાગી છું કે રાગી નથી એવા સૂક્ષ્મ રાગથી પણ શુદ્ધ ચૈતન્યતત્ત્વમાં અંદર જવાતું નથી. વસ્તુ શુદ્ધ ચૈતન્ય હોવાથી શુદ્ધ નિર્મળ પરિણામથી વસ્તુને પકડી શકાય છે. એટલે કે અંદર જઈ શકાય છે. હું શુદ્ધ છું—એવા વિકલ્પથી પણ વસ્તુ હાથ આવે એવી નથી. ૪૧૦.

● પહેલા રાગની મંદતા કરું એમ રહેવા દે ને એકદમ પુરુષાર્થ કર. વિકલ્પના વાયદા રહેવા દે ને એકદમ પુરુષાર્થ કર. જેમ કૂવામાં ઉભો કોશીયો પડે ને તળિયાની તાગ લઈ આવે તેમ એકદમ પુરુષાર્થ કરીને ધ્રુવ જેનું તળિયું છે ત્યાં ઊંડો ઉતરી જા. ત્રિકાળ જ્ઞાયકભાવ આનંદનો નાથ પ્રભુ છે ત્યાં ઊંડો ઉતરી જા. પર્યાય તો ઉપર ઉપર છે. દ્રવ્યમાં પેસી ગઈ નથી. પર્યાયનું લક્ષ દ્રવ્યના ઊંડાણમાં લઈ જા. પર્યાય દ્રવ્યમાં જાય નહીં પણ પર્યાયનું લક્ષ દ્રવ્યમાં લઈ જા. ૪૧૧.

આત્મધર્મ
મે-જૂન-જુલાઈ,૨૦૨૦
(સંયુક્ત અંક)
અંક-૯ ● વર્ષ-૧૪

Posted at Songadh PO
Publish on 1-7-2020
Posted on 1-7-2020

Registered Regn. No. BVR-367/2018-2020
Renewed upto 31-12-2020
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org